ગૃહમાં રજૂ કર્યા તારીખઃ-૨૪મી માર્ચ,૨૦૨૬

# જાહેર સાહસો માટેની સમિતિ

# સાતમો અહેવાલ

# પંદરમી ગુજરાત વિધાનસભા

(ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના ૩૧ માર્ચ ૨૦૧૭ના રોજ પૂરા થતા વર્ષ માટેનો જાહેર ક્ષેત્રના ઉપક્રમો અંગેના અહેવાલ ઉપરનો અહેવાલ)

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત

ગુજરાત વિધાનસભા સચિવાલય

ગાંધીનગર

૨૦૨૬

(૧)

<u>જાહેર સાહસો માટેની સમિતિ</u>

<u>(૨૦૨૫ - ૨૦૨૬)</u>

**<u>પ્રમુખશ્રી</u>**

શ્રી ગણપતસિંહ વસાવા

**<u>સભ્યો</u>**

શ્રીમતી માલતી મહેશ્વરી

શ્રી ઇમરાન ખેડાવાલા

શ્રી બાબુભાઇ પટેલ

શ્રી જે. વી. કાકડીયા

શ્રી મહેશ કસવાલા

શ્રી હીરાભાઇ સોલંકી

શ્રી રમેશભાઇ કટારા#

શ્રી કેતનભાઇ ઇનામદાર

શ્રી યોગેશભાઇ પટેલ

શ્રી અરૂણસિંહ રણા

શ્રી રમેશભાઇ મિસ્ત્રી

શ્રી પ્રવિણભાઇ ઘોઘારી

શ્રી પૂર્ણેશ મોદી*

શ્રી જીતુભાઇ ચૌધરી

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

શ્રી ચેતન પંડ્યા, સચિવ

શ્રીમતી કે. એસ. પંચોલી, નાયબ સચિવ

શ્રીમતી નેહા કે, સુથાર, ઉપસચિવ

શ્રીમતી પ્રવીણા ગામી, સેક્શન અધિકારી

#તા.૧૭/૧૦/૨૦૨૫ના રોજ રાજ્યકક્ષાના મંત્રીશ્રી તરીકે નિમણૂક પામતા તેઓ સમિતિના સભ્ય ગણાતા બંધ થયા.

*તા.૧૬/૦૨/૨૦૨૬થી ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ તરીકે ચૂંટાતા તેઓ સમિતિના સભ્ય તરીકે ગણાતા બંધ થયા,

**જાહેર સાહસો માટેની સમિતિ**

**(૨૦૨૪ - ૨૦૨૫)**

**પ્રમુખશ્રી**

શ્રી ગણપતસિંહ વસાવા

**સભ્યો**

શ્રીમતી માલતી મહેશ્વરી

શ્રી ઇમરાન ખેડાવાલા

શ્રી બાબુભાઇ પટેલ

શ્રી જે. વી. કાકડીયા

શ્રી મહેશ કસવાલા

શ્રી હીરાભાઇ સોલંકી

શ્રી રમેશભાઇ કટારા

શ્રી કેતનભાઇ ઇનામદાર

શ્રી યોગેશભાઇ પટેલ

શ્રી અરૂણસિંહ રણા

શ્રી રમેશભાઇ મિસ્ત્રી

શ્રી પ્રવિણભાઇ ઘોઘારી

શ્રી પૂર્ણેશ મોદી

શ્રી જીતુભાઇ ચૌધરી

ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ચેતન પંડ્યા, સચિવ (ઇ.ચા.)

શ્રીમતી કે. એસ. પંચોલી, નાયબ સચિવ

શ્રી મૃગેશ એસ. દવે, ઉપસચિવ

શ્રીમતી પલક જે. ભાલોડિયા,સેક્શન અધિકારી

# જાહેર સાહસો માટેની સમિતિ

**(૨૦૨૩ - ૨૦૨૪)**

## પ્રમુખશ્રી

શ્રી ગણપતસિંહ વસાવા

## સભ્યો

શ્રીમતી માલતી મહેશ્વરી
શ્રી ઇમરાન ખેડાવાલા
શ્રી બાબુભાઇ પટેલ
શ્રી જે. વી. કાકડીયા
શ્રી મહેશ કસવાલા
શ્રી હીરાભાઇ સોલંકી
શ્રી રમેશભાઇ કટારા
શ્રી કેતનભાઇ ઇનામદાર
શ્રી યોગેશભાઇ પટેલ
શ્રી અરૂણસિંહ રણા
શ્રી રમેશભાઇ મિસ્ત્રી
શ્રી પ્રવિણભાઇ ઘોઘારી
શ્રી પૂર્ણેશ મોદી
શ્રી જીતુભાઇ ચૌધરી

## ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ
શ્રીમતી કે. એસ. પંચોલી, નાયબ સચિવ
શ્રી ચિરાગ એન. પટેલ, ઉપસચિવ
શ્રી મૃગેશ દવે, ઉપ સચિવ
શ્રીમતી પલક જે. ભાલોડિયા, સેકશન અધિકારી

# જાહેર સાહસો માટેની સમિતિ

**(૨૦૨૨ - ૨૦૨૩)**

## પ્રમુખશ્રી

શ્રી પ્રદિપસિંહ જાડેજા

## સભ્યો

શ્રી કીરીટકુમાર પટેલ

શ્રી ચંદનજી ઠાકોર

શ્રી રમણભાઈ પટેલ

શ્રી કિશોર ચૌહાણ

શ્રી ઈમરાન ખેડાવાલા

શ્રી કેશુભાઈ નાકરાણી

શ્રી નિરંજન પટેલ

શ્રી બચુભાઇ ખાબડ

શ્રી કેતનભાઈ ઈનામદાર

શ્રીમતી સંગીતાબેન પાટીલ

શ્રી મોહનભાઈ ઢોડિયા

શ્રી આર.સી. પટેલ

શ્રી અનંતકુમાર પટેલ

શ્રી અરવિંદ પટેલ

## ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રીમતી કે. એસ. પંચોલી, નાયબ સચિવ

શ્રી મૃગેશ દવે, સેકશન અધિકારી

શ્રી પાર્થ પ્રજાપતિ, સેકશન અધિકારી

# જાહેર સાહસો માટેની સમિતિ

**(૨૦૨૧ - ૨૦૨૨)**

## પ્રમુખશ્રી

શ્રી પ્રદિપસિંહ જાડેજા

## સભ્યો

શ્રી કીરીટકુમાર પટેલ
શ્રી ચંદનજી ઠાકોર
શ્રી રમણભાઈ પટેલ
શ્રી કિશોર ચૌહાણ
શ્રી ઈમરાન ખેડાવાલા
શ્રી કેશુભાઈ નાકરાણી
શ્રી નિરંજન પટેલ
શ્રી બચુભાઇ ખાબડ
શ્રી કેતનભાઈ ઈનામદાર
શ્રી સુખરામભાઇ રાઠવા#
શ્રીમતી સંગીતાબેન પાટીલ
શ્રી મોહનભાઈ ઢોડિયા
શ્રી આર.સી. પટેલ
શ્રી અનંતકુમાર પટેલ
શ્રી અરવિંદ પટેલ

## ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ
શ્રીમતી કે. એસ. પંચોલી, નાયબ સચિવ
શ્રી ડી.એ.ચૌધરી, ઉપસચિવ
શ્રી મૃગેશ દવે, સેકશન અધિકારી

#તા.૦૪-૧૨-૨૦૨૧ના પત્રકભાગ-૨થી માનનીય અધ્યક્ષશ્રીએ શ્રી સુખરામભાઇ રાઠવાની ગુજરાત વિધાનસભામાં વિરોધપક્ષના નેતા તરીકે માન્યતા આપેલ હોવાથી સમિતિના સભ્ય ગણાતા બંધ થયા.

# અહેવાલ

૧. હું જાહેર સાહસો માટેની સમિતિનો પ્રમુખ, સમિતિ વતી સમિતિનો નીચે મુજબનો અહેવાલ રજૂ કરું છું.

૨. ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના સન ૨૦૧૬-૨૦૧૭ના વર્ષના ઓડિટ અહેવાલ (જાહેર ઉપક્રમો અંગેનો)માં રાજય સરકાર હસ્તકના જાહેર સાહસો અંગે કરવામાં આવેલા અવલોકનો સંબંધમાં રાજય સરકારે સમિતિને મોકલેલા ખુલાસાઓની તપાસ સમિતિએ કરી છે. જાહેર સાહસો માટેની સમિતિએ નીચે દર્શાવેલા જાહેર સાહસોની તેની સામે દર્શાવેલી તારીખોની બેઠકોમાં વિગતવાર તપાસ હાથ ધરી હતી.

| અ. નં. | જાહેર સાહસોનું નામ | તારીખ |
|---|---|---|
| ૧ | ગુજરાત ખેત ઉદ્યોગ નિગમ લી. | ૨૦-૦૭-૨૧<br>૨૦-૧૨-૨૧<br>૨૫-૦૭-૨૨ |
| ૨ | સરદાર સરોવર નર્મદા નિગમ લી. | ૧૮-૧૦-૨૧<br>૨૭-૧૨-૨૧<br>૦૪-૦૭-૨૨ |
| 3 | ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ | ૩૦-૧૧-૨૧<br>૦૬-૧૨-૨૧<br>૦૩-૦૧-૨૨ |

| | | |
|---|---|---|
| ૪ | ગુજરાત પ્રવાસન નિગમ લી. | ૨૨-૧૧-૨૧<br>૦૫-૦૭-૨૨<br>૧૬-૧૨-૨૫<br>૩૦-૧૨-૨૫ |
| ૫ | ગુજરાત રાજય પેટ્રોલિયમ નિગમ લિમિટેડ | ૧૧-૦૫-૨૨<br>૧૬-૦૭-૨૪ |
| ૬ | ગુજરાત રાજ્ય ઔદ્યોગિક વિકાસ નિગમ | ૨૦-૦૬-૨૨<br>૧૯-૦૭-૨૨ |
| ૭ | ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ | ૧૧-૦૭-૨૨<br>૧૮-૦૭-૨૩<br>૦૨-૦૧-૨૪ |
| ૮ | ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લી. | ૨૮-૦૪-૨૫<br>૧૨-૦૫-૨૫<br>૦૧-૦૭-૨૫<br>૧૫-૦૭-૨૫<br>૧૨-૧૧-૨૫<br>૧૬-૧૨-૨૫ |

૩. ઉપર દર્શાવેલ જુદા-જુદા નિગમો અને તેને સંબંધિત વહીવટી વિભાગના પ્રતિનિધિઓએ સમિતિ સમક્ષ રૂબરૂમાં સી.એ.જી. અહેવાલ(જાહેર ઉપક્રમો અંગેનો)માં કરવામાં આવેલ અવલોકનો/ ભલામણો સંબંધે ખુલાસાત્મક સ્પષ્ટતાઓ કરી હતી.સમિતિ સમક્ષ ઉપસ્થિત થયેલ વિભાગો/નિગમોના પ્રતિનિધિઓએ કરેલ ખુલાસાઓ પરથી જે નિગમો સંબંધમાં સમિતિએ કોઇ ટીકા ટિપ્પણી કરી નથી તેનો અહેવાલમાં સમાવેશ કરવામાં આવ્યો નથી પરંતુ જે નિગમો સંબંધે સમિતિને રજૂ કરવામાં આવેલ ખુલાસા સંબંધમાં સમિતિએ અવલોકનો/ ભલામણો કરી છે તેનો હવે પછીના ફકરાઓમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

૪. સમિતિએ તા. ૧૮/03/૨૦૨૬ ના રોજ મળેલી બેઠકમાં આ અહેવાલના મુસદ્દા ઉપર ચર્ચા-વિચારણા કરી તેને મંજૂર કર્યો હતો.

**<u>કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ</u>**

**<u>ગુજરાત ખેતઉદ્યોગ નિગમ લિ.</u>**

**<u>ફકરા ક્રમાંક: ૩.૧.૭ ઉત્પાદનનું આયોજન અને ઉત્પાદનની પ્રવૃત્તિ</u>**

**<u>ફકરા ક્રમાંક: ૩.૧.૮.૧ માર્કેટીંગ નીતિનો અભાવ</u>**

૫. સી.એ.જી.ના સન ૨૦૧૬-૧૭ના વર્ષના જાહેર ક્ષેત્રના ઉપક્રમો અંગેના અહેવાલના ફકરા ક્રમાંક: ૩.૧.૭ માં ઓડિટે જણાવ્યા મુજબ નિગમના બે ઉત્પાદન એકમો - ગોંડલ ખાતેનું જંતુનાશકો તૈયાર કરવાનું એકમ (સ્થાપના ૧૯૮૧માં) અને નરોડા ખાતે પ્રવાહી જૈવિક ખાતરોનું એકમ (સ્થાપના માર્ચ-૨૦૧૨) કે જેઓની ક્ષમતાના મહત્તમ ઉપયોગ સાથે નીગમે બજારના અભ્યાસના આધારે ઉત્પાદનનું આયોજન કરવાની જરૂર હતી કે જે પેદાશમાં ફેરફાર, ઉત્પાદન કરવાનો જથ્થો અને ઉત્પાદનનો સમય જેવા પાસાઓને આવરી લે. પરંતુ નીગમ પાસે આવું કોઈ ઉત્પાદનનું ઉત્પાદનનું આયોજન ન હતું. વર્ષ ૨૦૧૩-૧૪માં પ્રવાહી જૈવિક ખાતરની ઉત્પાદન ક્ષમતામાં ૧૭૩.૩૬% જેટલો વધારો હતો પરંતુ ત્યારબાદ ઉત્પાદન ક્ષમતામાં સતત ઘટાડો થયેલ કારણ કે ઉત્પાદનોને સરકારી યોજનાઓ હેઠળ માંગ સાથે જોડવામાં આવેલ અને તેને ખુલ્લા બજારમાં વેચવા માટે કોઈ પ્રયત્નો કરવામાં આવ્યા ન હતા. ગોંડલ ખાતેના જંતુનાશક બનાવતા એકમમાં "ભૂકો કરેલ સોપ સ્ટોન" ખરીદીને તેનુ માત્ર સંમિષ્રણ કરવામાં આવતુ હતુ પરંતુ સોપ સ્ટોનનો ભૂકો કરવાની મશીનરી ૨૦૦૭-૦૮થી વપરાયા વગર પડી રહી હતી તેમજ ગોંડલ ખાતે જ વાર્ષિક ૧૫૦૦ મે.ટનની ક્ષમતા સાથેનો પાણીમાં ભળી જતી બનાવટનું ઉત્પાદન કરવાના પ્લાન્ટનો ૧૯૯૫થી ઉપયોગ કરવામાં આવેલ ન હતો અને આ પ્લાન્ટના નિકાલ માટે કોઈ પ્રયત્ન કરવામાં આવ્યા ન હતા. ઉપરાંત બજારની માંગ અનુસાર કોઇ નવા ઉત્પાદનો દાખલ કરવા

માટે ,બજારમાં માંગ ન હોય એવા ઉત્પાદનો બદલવા માટે અને વર્તમાન ક્ષમતાનો ઉપયોગ કરવા માટે નિગમ દ્વારા કોઇ પ્રયાસ કરવામાં આવ્યો ન હતો.

આ સંબંધમાં વ્યવસ્થાપકો એ જણાવ્યુ હતુ કે મહેકમની અછતને કારણે નિગમે તેના ઉત્પાદનોનું ખુલ્લા બજારમાં આક્રમક રીતે વેંચાણ કર્યુ ન હતુ. વધુમાં નિગમ દ્વારા પ્રોત્સાહનની પ્રવૃત્તિઓ કરવામાં આવતી હોવા છતા પ્રવાહી જૈવિક ખાતર માટે સ્થાપિત વધારાની ક્ષમતાનો ઉપયોગ વર્ષ ૨૦૧૪-૧૫માં નીચો રહ્યો હતો. આમ, બજારમાં અસરકારક પ્રચાર અને ઉત્પાદનના આયોજનના અભાવે ભૂકી ઉત્પાદન બનાવટ અને પ્રવાહી ઉત્પાદન બનાવટની ક્ષમતાનો ઉપયોગ ઓછો રહ્યો હતો.

૬. અહેવાલના ફકરા ક્રમાંક: ૩.૧.૮.૧માં ઓડિટે જણાવ્યા મુજબ માર્કેટીંગ પ્રક્રિયામાં પેદાશ અથવા સેવાની રજૂઆત દ્વારા તેને સંભવિત ગ્રાહકો સુધી પહોંચાડવામાં આવે છે. નિગમ પાસે માર્કેટીગ અને પ્રોજેક્ટ માટે એક અલગ વિભાગ હોવા છતા નિગમે તેના ઉત્પાદનોના વેંચાણ માટે કોઇ માર્કેટીંગ નીતિ ઘડી ન હતી કે નિગમના ઉત્પાદનોની યોગ્યતા અને લાભોની બાબતમાં સંભવિત ગ્રાહકોને જાણકારી આપવા માટે કોઇ પ્રવૃત્તિઓ હાથ ધરી ન હતી અથવા તો તેના ઉત્પાદનોની જાહેરાત કરી ન હતી. વધુમાં જેના માટે માર્કેટીંગના ટેકાની જરુર પડે એવા ઉત્પાદનો માટે કોઇ અલગ લક્ષ્યાંકો નક્કી કરવામાં આવ્યા ન હતા. ઉપરાંત નિગમના અલગ અલગ વિભાગોના વહીવટી મહેકમ માટે વેંચાણના કોઇ લક્ષ્યાંકો નક્કી કર્યા ન હતા. ઓડિટે અભ્યાસ માટે લીધેલાં ૧૨ કૃષિ સેવા કેન્દ્રો પર ઉત્પાદનો મોસમની માંગ પતી ગયા પછી મળતા હતા. આમ આ માટે નિગમ માર્કેટીગ નીતિ અને ઉત્પાદન યોજના તૈયાર કરે એ જરુરી હતુ. ઉપરાંત માર્કેટીગ નીતિના અભાવને કારણે નિગમના ખાતર સિવાયના ઉત્પાદનોના વેંચાણો નીચી ટકાવારીમાં રહ્યા હતા. ઓડિટે એ પણ નોંધ્યુ હતુ કે વ્યવસ્થાપકો તરફથી ડિસેમ્બર-૨૦૧૭ સુધી ફકરાનો જવાબ મળ્યો ન હતો.

૭.	વિભાગ દ્વારા સમિતિને મોકલવામાં આવેલ **ફકરા ક્રમાંક: ૩.૧.૭ માટેના** લેખિત ખુલાસા અનુસાર નિગમનો ફિલ્ડ સ્ટાફ કે જે ખેડૂતો અને રિટેલરો સાથે ચર્ચા કરે છે અને પાકના નમુના, સિંચાઈની સ્થિતિ, સંભવિત વરસાદ, ચાલુ કાર્યક્રમો અને અન્ય પરિબળોના આધારે ડેટા બનાવે છે અને નિગમ તેના આધારે ઉત્પાદન અને માર્કેટિંગની વાર્ષિક પ્રણાલીસર યોજના બનાવે છે. પરંતુ અમુક કિસ્સાઓમાં ચોમાસાની આગાહી અને ખરેખર વરસાદની માત્રામાં તફાવત હોય તો ખેતીનું આખું સ્વરૂપ બદલાઈ જાય છે ઉપરાંત કીટ હુમલાને કારણે પણ જેનું આયોજન પણ ન કરવામાં આવ્યું હોય તેવી અમુક વસ્તુઓની માંગ એકાએક ખૂબ વધી જાય છે. વેચાણ આયોજન એ ડેટાની આગાહી, ચોમાસાની આગાહી અને પાછલા વર્ષોના વેચાણના ડેટાના આધારે કરવામાં આવે છે. પ્રવાહી જૈવિક રસાયણના ઉત્પાદન રાજ્ય અને કેન્દ્ર સરકારની જુદી જુદી સબસીડી યોજનાઓ હેઠળ વેચાતા હતા અને કૃષિ મહોત્સવ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ દરમિયાન તેના વેચાણમાં ખૂબજ વધારો થયેલ. ખેડૂતો વર્ષોથી પારંપરિક રાસાયણિક ખાતર વાપરતા હોઇ અને પ્રવાહી બાયો ખાતર તેમના માટે નવી વસ્તુ હોઇ તેના ઉપયોગ માટે ખેડૂતોને સમજ આપતા વાર લાગે છે. જો કે સમય સાથે તેના માર્કેટમાં વધારો થઈ રહ્યો છે અને ગુજરાતમાં તેમજ ગુજરાત બહાર વિવિધ માર્કેટનું સંશોધન કરવાથી તેના ઉપયોગની ટકાવારી વધશે. આ માટે વિભિન્ન કેન્દ્રીય અને રાજ્યના જાહેર ક્ષેત્રના એકમો સાથે જોડાણ કરી ગુજરાત એગ્રોએ પોતાની હાજરી નોંધાવી પડશે. નવુ ઉત્પાદન NPK ખૂબજ પ્રખ્યાત થયુ છે અને અન્ય ઉત્પાદનોની તુલનામાં તેની માંગ પણ વધુ છે. તેના ઉત્પાદનમાં અન્ય ઉત્પાદનો કરતા સમય ત્રણ ગણો વધુ જોઈએ છે. જે પ્લાન્ટની ઉત્પાદન ક્ષમતામાં અવરોધ ઊભા કરે છે. સોપસ્ટોન ક્રશીંગ (રેમેન્ડ) અને વોટર ડિસ્પરસેબલ પ્લાન્ટ, જે લાંબા સમયથી વણવપરાયેલ/ નિષ્ક્રિય છે એનો જરૂરી કાર્યવાહી કરી નિકાલ કરવામાં આવશે. બાયો ખાતર અને

કીટનાશક ઉત્પાદનનું વેચાણ વધારવા ગુજરાત એગ્રો દ્વારા કૃષિ મહોત્સવ, ખેડૂત શિબિર જેવા પ્રયોગ સાથે જોડાણ કરી દર મંગળવારે રેડિયો શો ‘‘ખેડૂતનો સાથી ગુજરાત એગ્રો’’ થકી રેડિયો પ્રસારણ અને ‘શેરી નાટક’ જેવા કાર્યક્રમો કરે છે. ઉત્પાદનોના પ્રસાર માટે ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (GSRTC)ની બસો પર જાહેરાત કરે છે.

ગુજરાત એગ્રો સરકારી નિગમ હોવાથી અને તેની પ્રવૃત્તિઓના મૂળમાં ખેડૂતોનું હિત સમાયેલ હોવાથી માર્કેટ પરિબળો સાથે તાલ મિલાવવા અને કૃત્રિમ ભાવ વધારો કરવામાં મર્યાદાઓ રહે છે. ઉપરાંત તેના ઉત્પાદન યુનિટોની દરેક મુખ્ય વસ્તુઓની ખરીદી માટે ટેન્ડર પ્રક્રિયા કરવી પડે છે. જેમાં ઘણો સમય લાગે છે જે ઉત્પાદનની સમયસર ઉપલબ્ધતાને અસર કરે છે અને અમુક સ્થિતિમાં દરેક વસ્તુનો વધુ પડતો જથ્થો રાખવાનુ શક્ય નથી. નિગમની વેચાણ માત્રા સાધારણ હોવાથી ટેન્ડર થકી કોઈ વસ્તુની ખરીદીની માત્રા ઓછી હોય છે. ઘણીવાર ઓછા મૂલ્ય/માત્રાને કારણે બોલી લગાવનારા મળતા નથી તો અમુક કિસ્સામાં રિટેન્ડરિંગના કેટલાય રાઉન્ડ કરવા પડે છે. જેથી, રીટેલરોને ઉત્પાદનોની સમયસર ઉપલબ્ધતા કરાવવા પર અસર પડે છે. હવે નિગમ પોતાની વસ્તુઓને રજીસ્ટર કરાવી GeM પોર્ટલ દ્વારા વધુ વસ્તુઓ લેવાનો પ્રયત્ન કરે છે. ઉપરાંત વયનિવૃતિને કારણે ઘટતો જતો સ્ટાફ, માર્કેટિંગ અભિગમ વાળા ટેકનિકલ સ્ટાફનો અભાવ, મર્યાદિત અને જૂના કાર્યક્રમો તથા ઉત્પાદનોની મર્યાદિત શ્રેણી વગેરેને કારણે પણ નિગમના ઉત્પાદનોના વેચાણ પર અસર થઈ છે.આ માટે વર્ષ ૨૦૨૧-૨૨ સુધીમાં માર્કેટીંગ પ્રમોશન નીતિ રજૂ કરવામાં આવશે. વધુમાં સોપ સ્ટોન ક્રશીંગ મિલ અને પાણીના વિક્ષેપકારક પ્લાન્ટના નિકાલની કાર્યવાહી ટૂંક સમયમાં કરવાનું આયોજન છે. નિગમે જી.એસ.એફ.સી એગ્રોટેક લિ. સાથે જોડાણ કરીને નિગમના ઉત્પાદનોના માર્કેટીંગ માટે ગુજરાતમાં ૨૭૦ આઉટલેટસ છે.

૮. વિભાગ દ્વારા સમિતિને આપેલા **ફકરા ક્રમાંક: ૩.૧.૮.૧ માટેના** લેખિત ખુલાસામાં જણાવ્યું હતું કે માર્કેટીંગ અને પ્રોજેક્ટ વિભાગ (એમએન્ડપી) વેંચાણ સંબંધિત કોઇ પ્રવૃત્તિઓ કરતુ નથી. તે કૃષિ આધારિત યોજનાઓ અને કૃષિ વેપાર નીતિના અમલીકરણ પર ધ્યાન આપે છે.ઉત્પાદન અને માર્કેટીંગનું વાર્ષિક રુપે પરંપરાગત રીતથી એટલે કે ફિલ્ડ સ્ટાફ દ્વારા અપાયેલ માહિતીને આધારે આયોજન કરવામાં આવે છે. નિગમના વાર્ષિક બજેટમાં અંદાજિત વેંચાણને વેંચાણનુ લક્ષ્યાંક માનવામાં આવે છે. નિગમ દ્વારા શરુ કરવામાં આવનાર તાલીમ કાર્યક્રમ દ્વારા એકમના ઉત્પાદનોની તકનીકીતા અને એકમના ડીલરો/રિટઇલરો સાથે ખેડૂતોની ક્ષમતામાં વધારો કરવામાં આવશે. ઉપરાંત ઓનલાઇન માર્કેટીંગ પોર્ટલનો ઉપયોગ કરવામાં આવશે. સાહિત્યમાં નિગમના DPF(Dust product formulation), LPF(Liquid product formulation), WDPF(wettable Dust formulation)ના વર્ષ ૨૦૧૭-૧૮ થી ૨૦૧૯-૨૦ દરમ્યાનના ઉત્પાદન સામે તેનો વપરાશ નહિવત જેવો રહ્યો હતો. જ્યારે ઉક્ત ત્રણ વર્ષ દરમ્યાન પેસ્ટીસાઇડ અને બાયોફર્ટીલાઇઝરના વેંચાણના લક્ષ્યાંક સામે તેની સિધ્ધિ મધ્યમ રહી હતી.

૯. સમિતિની તા.૨૦/૧૨/૨૦૨૧ના રોજની બેઠકમાં ઉક્ત ૩.૭.૧ પેરાના સંબંધમાં તપાસ હાથ ધરતી વખતે નિગમના પ્રતિનિધિના જણાવ્યા મુજબ નિગમના વાર્ષિક બજેટ આયોજનમાં જ નિગમનો પ્રોડક્શન પ્લાન હોય છે. તે માટે અલગથી કોઈ પ્રોડક્શન પ્લાન કરીને ડોક્યુમેન્ટ બહાર પાડવામાં આવતુ નથી. ઉપરાંત નિગમ તેના બાયોફર્ટીલાઇઝર અને પેસ્ટીસાઇડ મોટેભાગે સરકાર/કૃષિ વિભાગને પૂરા પાડવાના થાય છે. ધીમે ધીમે પ્રોડક્શનમાં ખામીઓના કારણે, સમયસર સપ્લાય ન કરી શકવાના કારણે અને માર્કેટમાં નવા નવા પ્રોડક્ટ આવવાના કારણે નિગમના ઉત્પાદનોની માંગ ઓછી થઇ તે સાથે નિગમનો કૃષિ વિભાગ/સરકારમાં પૂરો પાડવામાં આવતો જથ્થો ઓછો થતો ગયો અને નિગમ બજાર સાથે ટકી શક્યુ નહીં, એ રીતે હાલ નિગમનુ

ઉત્પાદન ઓછુ છે. બીજું માર્કેટીંગ પ્રમોશન પોલિસી માટે પણ અલગથી કોઇ નીતિ નથી. નિગમના ૧૫૦૦ જેટલા સેન્ટરો દ્વારા ફર્ટીલાઇઝર અને પેસ્ટીસાઇડ વગેરેનું સપ્લાય થાય છે. આ સેન્ટરો દ્વારા ખેડૂતો સાથે બેઠક કરીને, કિસાન શિબિરો યોજીને નવી નવી પ્રોડક્ટથી તેમને માહિતગાર કરીને માર્કેટીંગ કરવામાં આવી રહ્યુ છે. સમિતિએ બેઠકમાં ઉપસ્થિત નિગમના પ્રતિનિધિને બજેટની સાથે ઉત્પાદન આયોજનને ન સાંકળતા બન્ને બાબત અલગ અલગ છે એવુ સ્પષ્ટ જણાવ્યુ હતુ. તેના સંદર્ભમાં નિગમના પ્રતિનિધિએ હાલ નિગમમાં આવી કોઇ પધ્ધતિ નહીં હોવાનુ જણાવેલ. સમિતિએ એ.જી.કચેરીના પ્રતિનિધિએ કરેલ અવલોકન માટે પૃચ્છા કરતા તેમણે જણાવ્યુ હતુ કે પ્રોડક્શન પ્લાનીંગનો મુદ્દો એટલા માટે ઉઠાવવામાં આવેલો કે એ સમયે ઉત્પાદન ક્ષમતાનો ઉપયોગ હતો તેનાથી પણ ઓછો થઇ ગયેલો. એટલે નિગમે જે ઉત્પાદન ક્ષમતા પ્રાપ્ત કરેલ તેનો  વાસ્તવમાં ઉપયોગ કરવા માટે નિગમે શા સુધારાલક્ષી પગલા લીધા તેના માટે પેરા ઉભો કરવામાં આવેલ. ઉત્પાદન ઓછુ થવાના કારણો આપતા નિગમના પ્રતિનિધિએ સમિતિને જણાવ્યું હતુ કે મુખ્ય તો સરકારી સપ્લાય બંધ થવાને કારણે, નવા નવા પેસ્ટીસાઇડ માર્કેટમાં આવવાને કારણે તેની સામે નિગમના જૂના સમયથી ચાલતા પેસ્ટીસાઇડ હરીફાઇ કરી શક્યા નહીં ઉપરાંત નિગમ નવા ઉત્પાદનો વિકસીત કરી શક્યુ નહી. ચર્ચામાં આગળ સમિતિએ ગોંડલ સ્થિત પ્લાન્ટ ૧૯૯૫થી બિનકાર્યરત રહેવા તેમજ આ પ્લાન્ટના નિકાલ માટે નહી કરવામાં  આવેલ પ્રયત્નો અને એ.જી.ના પેરા બાદ થયેલ પ્લાન્ટના વેલ્યુએશન બાબતે નિગમની નબળી વહીવટી કાર્યક્ષમતા સંદર્ભમાં સખ્ત ટકોર કરી હતી. સમિતિએ નિગમના અન્ય પ્રોડક્શન પ્લાન્ટોની કાર્યક્ષમતા અંગે પણ સમીક્ષા કરવા માટે સૂચન કર્યું હતુ. સમિતિએ તત્સમયે એ પણ નોંધ્યુ હતુ કે નિગમના ઉત્પાદનોની સંખ્યા વધારવા તેમજ તેના પ્રોડક્ટના વેચાણ વિસ્તરણ માટે રાજ્યો અને કેન્દ્રના જાહેર ઉપક્રમો દ્વારા નક્કર કામગીરી થઇ શકી ન હતી. સાથોસાથ સમિતિએ નિગમ પાસે

સરકારે સહાય,પૂરતુ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, પ્રોડક્ટના પ્રચાર માટે પર્યાપ્ત આઉટલેટ, પૂરતી સંખ્યમાં મેન પાવર બધુ હોવા છતા ઉત્પાદન ઘટે તો તેને સરકારે ફાળવેલ નાણાનો નિગમ દ્વારા યોગ્ય ઉપયોગ નહી થયાનુ અને નાણાકીય ભારણ પડ્યુ હોવાનુ ગણાય. આ સંબંધમાં નિગમના પ્રતિનિધિએ જણાવ્યુ હતુ કે ડિસેમ્બર-૧૯૯૮માં તત્સમયના મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં કેબિનેટ સબ કમિટીમાં ગુજરાત એગ્રોનું સાતત્ય ખાનગી મલિકો આવવાના કારણે ઘટતું જતું હોવાથી ગુજરાત એગ્રોના જે કોઈ પ્રોડક્શન પ્લાન્ટ છે તેનો ધીમે ધીમે નિકાલ કરવા સૈધાંતિક નિર્ણય કરવામાં આવેલ. ગોંડલ ખાતેના એકમના નિકાલ માટે સમયાંતરે ચાર પ્રયત્નો અનુક્રમે વર્ષ ૧૯૯૯માં,૨૦૦૪માં, ૨૦૦૭ અને ૨૦૦૯માં કરવામાં આવ્યા હતા પરંતુ તેનું વેચાણ થઇ શક્યું નથી. ઉપરાંત નિગમ પાસે પદ્ધતિસરની માર્કેટિંગ પ્રમોશનની પોલિસીના અભાવ હોવાની બાબતનો નિગમના પ્રતિનિધિએ સ્વીકાર કર્યો હતો. સમિતિએ નિગમના ગોંડલ, નરોડા અને કોસંબા ખાતેના ઉત્પાદન એકમો માટે હવે પછી શું કાર્યવાહી કરવા માગો છો તે સંબંધે પૃચ્છા કરતા નિગમના પ્રતિનિધિએ જણાવ્યુ હતુ કે ગોંડલ અને કોસંબા ખાતેના પ્રોડક્શન પ્લાન્ટ બંધ છે જેમાં કોસંબા ખાતેના પ્લાન્ટમાં નિગમે જે કંપની ચલાવવા માટે આપેલ તે કંપની પર પાવર થેપ્ટ અંગે વસૂલાતનો કેસ થયેલ હોઇ પ્રોડક્શન બંધ છે જ્યારે નરોડા ખાતેનો બાયો ફર્ટિલાઇઝરનો પ્લાન્ટ ૨૫% ક્ષમતા પર ચાલુ રહે તેમ છે.

૧૦. સમિતિને **ફકરા ક્રમાંક: ૩.૧.૮.૧** સંબંધમાં ખુલાસો આપતાં નિગમના પ્રતિનિધિએ જણાવ્યુ હતુ કે ઉત્પાદનોના ડોર ટુ ડોર માર્કેટીંગ માટે હાલ રાજ્યના દરેક જિલ્લા પર નિગમના ડિસ્ટ્રિક્ટ ઇન્ચાર્જને ટાર્ગેટ આપેલા છે. બીજું રાસાયણિક ખાતર માટે નિગમ ઓફ સીઝનમાં એડવાન્સ બિલીંગથી સ્ટોક કરે છે અને પછી તેને નિગમના ૧૩૦૦ જેટલા એગ્રો સેન્ટરોને કેશ ડિસ્કાઉન્ટ કરીને આપવામાં આવે છે. આમ, આ પણ માર્કેટીંગનો ભાગ તરીકે ગણવામાં આવે છે. વિભાગ/નિગમના પ્રતિનિધિએ ખાતર

સિવાયની અન્ય પ્રોડક્ટમાં નિગમનુ વેચાણ ઘટ્યુ હોવા સંબંધમાં મુખ્ય કારણ આપતા જણાવ્યુ હતુ કે ખાનગી એકમો બજારમાં આવતા તેમજ તેમના દ્વારા ગુજરાત એગ્રોની સરખામણીએ અન્ય વધુ આર્થિક લાભો આપવામાં આવતા નિગમનુ તેના અન્ય ઉત્પાદનોના વેચાણ માટે આક્રમક/સચોટ/જોરદાર માર્કેટીંગ હોવું/કરવુ જોઇએ. આ સાથે તેમણે બજેટ સાથે માર્કેટીંગ પોલીસીને ન જોડતા પોલીસીમાં સુધારો કરવાનુ આવશ્યક હોવાનુ સ્વીકાર્યુ હતુ. નિગમની એક અલગ અને ખાસ માર્કેટીંગ પોલીસી હોવા પર સમિતિએ સવિશેષ ભાર મૂકતા વિભાગ/નિગમના પ્રતિનિધિઓને કપરા સમયમાં નિગમની ઘણી અગત્યતા હોઇ, નિગમને સ્ટ્રેન્ધીનીંગ/મજબૂત બનાવવા એક રીવેમ્પ એકશન પ્લાન/સુધારા માટેના પગલા તૈયાર કરવા જણાવેલ. આ સંબંધમા બજારમાં નિગમની વસ્તુઓનુ વેચાણ સ્તર વધારવા નિગમના એગ્રો સેન્ટરો પર જે કેટલીક પ્રોડક્ટ ઉપલબ્ધ થઇ રહેલ નથી તેની માગ કેટલી આવે છે તે ચકાસીને આ માટે ખાનગી એકમો સાથે એમ્પેનલમેનન્ટ કરીને હાલ વેચાણ વધારવાના પ્રયાસો થઇ રહ્યા છે.

૧૧. **આમ, વિભાગ/નિગમે સમિતિને મોકલાવેલ લેખિત ખુલાસા, બેઠક દરમિયાન વિભાગ/નિગમના પ્રતિનિધિઓની મૌખિક રજૂઆત જોતા સમિતિને સ્પષ્ટ લાગે છે કે, નિગમનો મુખ્ય હેતુ ખેડૂતોને ઉપયોગી એવી એગ્રીકલ્ચર પ્રોડક્ટના ઉત્પાદનો દ્વારા ખેડૂતોને મદદ કરવાનો છે પરંતુ નિગમનું ગોંડલ ખાતેનુ પ્રોડક્શન યુનિટ જે છેલ્લા લાંબા સમયથી/ઘણા વર્ષોથી બંધ હાલતમાં છે કે જ્યાંથી ઉત્પાદન લેવુ શક્ય નથી તેનો સત્વરે નિયમાનુસાર નિકાલ કરી સમિતિને તેની જાણ કરવા સમિતિ ભલામણ કરે છે. બીજું બજારમાં જ્યારે નિગમના ઉત્પાદનો સાથે હરીફાઇ કરનાર એક થી વધુ ખાનગી એકમો ઉપલબ્ધ હોઇ પોતાની વસ્તુઓના વેચાણ- વિસ્તાર માટે સરકારના ચોક્કસ માર્ગદર્શન હેઠળ નિગમ દ્વારા અલગ અને ખાસ માર્કેટીંગ પોલીસી ઘડવા સમિતિ ભલામણ કરે છે.**

**નર્મદા જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

**સરદાર સરોવર નર્મદા નિગમ લી.**

**ફકરા ક્રમાંક–૩.૪ નિવાર્ય ખર્ચ**

૧૨. સી.એ.જી.ના સન ૨૦૧૬–૧૭ના જાહેર ક્ષેત્રના ઉપક્રમો અંગેના અહેવાલના ઉક્ત ફકરામાં ઓડિટે જણાવ્યા મુજબ, નર્મદાના ઉપલબ્ધ પાણીને કચ્છ શાખા નહેરના છેડા સુધી ઉપલબ્ધ કરાવવા માટે પંપીંગ સ્ટેશનના બાંધકામ દ્વારા ત્રણ સ્થળોએ પાણીનું ઉદવહન જરૂરી હતુ.

નિગમે માર્ચ–૨૦૧૧માં ઉક્ત ત્રણ પંપીંગ સ્ટેશનના બાંધકામનો કરાર કર્યો અને એક મહિના બાદ જ એટલે કે એપ્રિલ–૨૦૧૧માં પંપીંગ સ્ટેશન–૧ અને ૨ માટે ૨૭,૦૦૦ કે.વી.એ. અને પંપીંગ સ્ટેશન ૩ માટે ૨૦,૦૦૦ કે.વી.એ.ની કરાર માંગ માટે પશ્ચિમ ગુજરાત વીજ કું.લી.(PGVCL) ને અરજી કરી. વીજ કંપની તરફથી ઉર્જા છૂટી કરવાના હુકમો એપ્રિલ –૨૦૧૫માં જારી કરવામાં આવેલ. દરમ્યાન પંપીંગ સ્ટેશન ૧ અને ૨ એપ્રિલ –૨૦૧૫ માં અને પંપીંગ સ્ટેશન ૩ મે–૨૦૧૭માં કાર્યરત કરવામાં આવેલ.

ઓડિટ દ્વારા ઉક્ત ત્રણેય પંપીગ સ્ટેશનોના એપ્રિલ– ૨૦૧૫ થી માર્ચ–૨૦૧૭ સુધીના વીજ બિલોની સમીક્ષા કરતા પંપીંગ સ્ટેશન ૧ અને ૨ માટે ઉક્ત સમયગાળા દરમ્યાન ખરેખર વીજ માંગ અનુક્રમે ૧૯૨૫ કે.વી.એ. અને ૬૯૨૫ કે.વી.એ. તથા ૧૧૩ કે.વી.એ. અને ૭૭૫૦ કે.વી.એ. વચ્ચે રહી હતી. જે ૨૭,૦૦૦ કે.વી.એ. માંગથી ખૂબ જ ઓછી હતી. આમ છતાં, ઉક્ત પ્રત્યેક પંપીંગ સ્ટેશન માટે ૨૨૯૫૦ કે.વી.એ.ની ડિમાન્ડ ચાર્જનુ બિલ બનાવવામાં આવ્યુ હતુ અને નિગમે એપ્રિલ–૨૦૧૫થી માર્ચ–૨૦૧૭માં ડિમાન્ડ ચાર્જ પેટે રુ. ૪૫.૦૪ કરોડ (પંપીંગ સ્ટેશન –૧ માટે રૂ.૨૨.૫૨ કરોડ અને પંપીગ સ્ટેશન – ૨ માટે રૂ.૨૨.૫૨ કરોડ) ની ચૂકવણી કરી હતી. પંપીંગ સ્ટેશન –૩ કાર્યરત થયુ ન હોવાને કારણે જુન ૨૦૧૫ થી જાન્યુઆરી ૨૦૧૬ વચ્ચે વીજળીનો વપરાશ શૂન્ય હતો. પરંતુ, ફેબ્રુઆરી ૨૦૧૬ થી માર્ચ ૨૦૧૬ દરમ્યાન ખરેખર વીજમાંગ ૪૪ થી ૨૮૫૦ કે.વી.એ. વચ્ચે રહી હતી જે ૨૦,૦૦૦ કે.વી.એ. કરાર માંગથી ખૂબ જ ઓછી હતી. આમ છતાં, દર મહિને ૧૭,૦૦૦ કે.વી.એ.ની ડિમાન્ડ ચાર્જનુ બિલ નિગમને આપવામાં આવતુ હતુ અને નિગમે જુન ૨૦૧૫ થી માર્ચ ૨૦૧૭ માટે ડિમાન્ડ ચાર્જ પેટે રૂ.૧૫.૮૮ કરોડની ચૂકવણી કરી હતી.

નિગમે માર્ચ ૨૦૧૫ માં પંપીંગ સ્ટેશન ૧ અને ૨ માટે વીજ માગ ૫ ,૦૦૦ કે.વી.એ. છૂટા કરવા વીજ કંપનીને વિનંતી કરેલ. આમ છતાં, આ વિનંતી પર અનુવર્તી કાર્યવાહી કર્યા વિના અથવા તો વીજ કંપનીના જવાબની રાહ જોયા વિના પંપીંગ સ્ટેશન ૧,૨ અને ૩ માટે એપ્રિલ ૨૦૧૫ અને જુન ૨૦૧૫ માં છૂટા કરવામાં આવેલ જોડાણો નિગમે સ્વિકાર્યા હતા. ત્યારબાદ નિગમ દ્વારા ફરી જુન – જુલાઈ ૨૦૧૫માં પંપીંગ સ્ટેશન ૧અને ૨ માટે ૬,૦૦૦ કે.વી.એ. અને પંપીંગ સ્ટેશન ૩ માટે ૪,૦૦૦ કે.વી.એ.નો ઘટાડો કરવાની વિનંતી કરવામાં આવેલ પરંતુ, વીજ કંપનીએ જોડાણ મળ્યા તારીખથી ઓછામાં ઓછા બે વર્ષનો સમયગાળો પૂરો થયા બાદ વિનંતી ધ્યાને લઈ શકાશે તેમ જણાવી વિનંતીનો અસ્વીકાર કર્યો હતો. આશરે બે વર્ષ બાદ નિગમે મે અને જુલાઈ ૨૦૧૭ માં પંપીંગ સ્ટેશન ૧ અને ૨ માટે ૧૨,૦૦૦ કે.વી.એ. અને પંપીંગ સ્ટેશન ૩ માટે ૮,૦૦૦ કે.વી.એ.ની વીજમાંગ માટે વીજ કંપની PGVCLને પુન:વિનંતી કરેલ.

હકીકતમાં નિગમે કરારની છૂટ મુજબ જરૂરીયાત પ્રમાણે તબક્કાવાર વીજ ઉર્જાની આકારણી કર્યા બાદ લોડમાં વધારો કરવાની માંગણી કરવી જોઈતી હતી. આમ કરવાથી નિગમ દ્વારા ડિમાન્ડ ચાર્જ પેટે ચૂકવવામાં આવેલ કુલ રૂ. ૪૭.૯૧ કરોડના ખર્ચને નિવારી શકાયું હોત.

૧૩. વિભાગે સમિતિને તા. ૧૦/૦૭/૨૦૨૦ના રોજ આપેલ લેખિત ખુલાસમાં જણાવ્યા મુજબ ત્રણેય પંપીંગ સ્ટેશનોની સ્થાપિત ઉદવહન ક્ષમતાને આધારે અનુક્રમે ૨૭૦૦૦, ૨૭૦૦૦ અને ૨૦૦૦૦ નો વીજ માંગ કરાર પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી.(PGVCL) સાથે ૨૦૧૧ માં કરવામાં આવેલ. પંપીંગ સ્ટેશન અને કેનાલનુ નેટવર્ક માર્ચ ૨૦૧૩ સુધીમાં પૂર્ણ કરવાનુ આયોજન હતુ. પરંતુ કેનાલ તથા પંપીંગ સ્ટેશનના બાંધકામની કામગીરી વિલંબીત થયેલ અને તેને આનુસાંગિક વીજ પુરવઠો પૂરો પાડવા માટે જરૂરી ૨૨૦ કે.વી.એ. સ્વિચ યાર્ડની કામગીરીમાં પણ વિલંબ થયેલ. જેને કારણે વીજ પૂરવઠો પણ વિલંબીત છૂટો થયેલ.

પંપીગ સ્ટેશન ૧ અને ૨ પર અંતિમ લોડ પરિક્ષણ માટે અનુક્રમે તા.૧૪/૪/૧૫ અને તા.૧૫/૪/૧૫ ના રોજ પાવર ઉપલબ્ધ કરાવવામાં આવેલ તથા પંપીગ સ્ટેશન –૩ના ટેસ્ટીંગ માટે પીજીવીસીએલ પાસેથી જુન ૨૦૧૫માં વીજ પુરવઠો કાર્યાન્વિત કરવામાં આવેલ. પંપીંગ સ્ટેશન ૨ અને ૩ વચ્ચેની કેનાલની કામગીરી જાન્યુઆરી ૨૦૧૩ માં પૂર્ણ કરવાનુ આયોજન હતુ. પરંતુ વિવિધ કારણોસર તે એપ્રિલ ૧૭ સુધી વિલંબિત થતા વીજ કંપનીને વીજ કરાર માંગ ઘટાડવા રજૂઆત કરવામાં આવેલ. પરંતુ વીજ કંપનીએ વીજ પુરવઠો ચાલુ કર્યાના બે વર્ષ પૂર્ણ થયા બાદ જ

વીજ કરાર માંગમાં ઘટાડો કરી શકાશે તેમ જણાવ્યુ હતુ. વીજ પુરવઠો ચાલુ કરતા સમયે (એપ્રિલ ૨૦૧૫) જો પંપીગ સ્ટેશન ૧ અને ૨ માટે ૬૦૦૦ કે.વી.એ. ની વીજ કરાર માંગ રાખવામાં આવી હોત અને પંપીંગ સ્ટેશન ૩ માટે વીજ પૂરવઠો મોડો છૂટવાથી એપ્રિલ ૨૦૧૩ થી મે ૨૦૧૫ ના સમયગાળા માટે ૪૦૦૦ કે.વી.એ.ની વીજ કરાર માંગ રાખવામાં આવી હોત અને ખરેખર વધુ પાણીનો ફ્લો આવી જાય તો એ સમયે પાણીની જરૂરીયાત પૂરી કરી શકાય નહીં. તેથી પંપીગ સ્ટેશનની ક્ષમતાને આધારે તદનુસારની વીજ કરાર માંગ કરવામાં આવેલ.

વધુમાં સાહિત્યમાં જણાવ્યા મુજબ કરારની શરતો મુજબ પંપીંગ સ્ટેશનના બધા જ પંપોને એક સાથે ચાલુ કરીને ટેસ્ટીંગ થઈ શકેલ નહી. આ કારણે વીજ પુરવઠો વીજ કરાર માંગ મુજબ વાપરી શકાયેલ નહી.

પાણીની ઉપલબ્ધતા અને જરૂરીયાત ધ્યાનમાં રાખીને દરેક માસમાં તેમજ વર્ષમાં ઉદ્વહન ક્ષમતાની અલગ અલગ જરુરીયાત હોય છે. ઘણી વાર ટૂંકા ગાળા માટે વધુ પંપોને ચલાવવાની જરૂરીયાત પડે તો પણ એવા સમયે વીજ કરાર માંગ વધુ રાખવી પડે છે અને બાકીના સમયગાળામાં ઓછી જરૂરીયાત માટે પણ વીજ કરાર માંગનો ચાર્જ નિગમે ભોગવવો પડે છે. ભવિષ્યમાં આ પ્રકારના વહીવટી ખર્ચ ઘટાડવા માટે નિગમ દ્વારા ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના સક્ષમ અધિકારી સમક્ષ વીજ કરાર માંગ ઘટાડવા સંબંધે જરૂરી છૂટછાટ આપવાની રજૂઆત કરવામાં આવેલ છે. જેથી કરીને આ પ્રકારના પ્રશ્નો ભવિષ્યમાં નિવારી શકાય.

હાલ, તા.૧/૧૧/૨૦૧૭ થી ત્રણેય પંપીગ સ્ટેશનની વીજ કરાર માંગ અનુક્રમે ૧૨૦૦૦, ૧૨૦૦૦ અને ૮૦૦૦ કેવીએ કરી દેવામાં આવેલ છે.

૧૪. ઉક્ત પેરા સંબંધમાં સમિતિની કુલ ત્રણ બેઠકોમાં તપાસ હાથ ધરવામાં આવેલ. પ્રથમ બેઠકની શરૂઆતમાં સમિતિના માન. પ્રમુખશ્રીએ નિગમની વહીવટી કાર્યક્ષમતા પર ટકોર કરતા જણાવ્યુ હતુ કે, વીજ કું.(PGVCL) એ વસૂલ કરેલ ડિમાન્ડ ચાર્જ સંબંધમાં જે તે વખતે નિગમ એ.જી. કચેરીને ખાતરી કરાવવામાં અસફળ રહ્યુ જણાય છે. નિગમના પ્રતિનિધિએ વિગતો આપતા જણાવ્યુ હતુ કે ત્રણેય પંપીગ સ્ટેશનોના કામ માર્ચ ૨૦૧૧ માં શરૂ થયા હતા અને તે સમયે જ વીજ પૂરવઠા માટે વીજ કું.(PGVCL) સમક્ષ માંગ મુકવામાં આવેલ પરંતુ ફોરેસ્ટ અને જમીન સંપાદનના કારણે કેનાલના કામમાં થોડો વિલંબ થયો હોઈ ડિમાન્ડ કરેલ વીજ પુરવઠામાં ઘટાડો કરવા નિગમે તા. ૩૧/૦૧/૨૦૧૫ના રોજ વીજ કું.(PGVCL)ને વિનંતી કરેલ. પરંતુ વીજ ડિમાન્ડ કર્યા પછી

બે વર્ષ સુધી તેમાં ફેરફાર નહી કરી શકવાની વીજ કું.(PGVCL)ની પોલીસીને કારણે નિગમે વીજ પુરવઠાનો સ્વિકાર કરેલો.વર્ષ ૨૦૧૭થી વીજ પુરવઠામાં ઘટાડો કરવામાં આવેલ છે. તેમના જણાવ્યા મુજબ આ પોલીસીની બાબત છે અને આ કેસમાં રકમ સરકારના એક નિગમમાંથી બીજા નિગમમાં ગઈ છે. ઉક્ત બાબતમાં એ.જી. કચેરીના પ્રતિનિધિએ મુદ્દો સ્પષ્ટ કરતાં જણાવ્યુ હતુ કે જો નિગમે યોગ્ય આયોજન એટલે કે બાંધકામ / સિવીલ વગેરે કામો ક્યારે પૂરુ થશે અને વીજ પૂરવઠાની ક્યારે જરૂર પડશે તે તમામ પાસાઓ ચકાસીને વીજ માંગ કરવી જોઈતી હતી. આ સંબંધમાં નિગમના પ્રતિનિધિએ વર્ષ ૨૦૧૧મા બાંધકામ પૂરૂ કરવાની ગણતરી હતી પરંતુ જમીન સંપાદન અને ફોરેસ્ટના પ્રશ્નોને કારણે તેમા વિલંબ થયો હતો તેમ જણાવ્યું. ચર્ચામાં આગળ સમિતિના માન. માન. પ્રમુખશ્રીએ વીજ કરારની કલમ –૭માં જણાવ્યા મુજબ નિગમ ડિમાન્ડ કરેલ વીજ પૂરવઠામાં વધારો કરવા દરખાસ્ત કરી શકતુ હોવા છતા પહેલેથી જ વીજ પૂરવઠાની આટલી વધારે માંગણી કેમ કરી કે જેને કારણે નિગમને આર્થિક ભારણ પડ્યુ અને તે એ.જી. ના ધ્યાન પર આવ્યુ આ બાબતનું જસ્ટીફીકેશન મળતુ ના હોવાનુ જણાવ્યુ હતું. તેના પ્રત્યુત્તરમાં નિગમના પ્રતિનિધિએ જણાવ્યુ હતુ કે, નિગમમાં ઉદ્યોગો જેવી સતત વીજ માગ જેવું હોતું નથી. પંપીગ સ્ટેશન સિંચાઈની માંગ પર ચાલે છે અને તે સીઝનલ હોય છે એટલે આ બાબતમાં નિગમને હંમેશાનો લોસ રહેવાનો. આ સંદર્ભમાં માન. પ્રમુખશ્રીએ નિગમની ટેકનિકલ મુશ્કેલી અંગે ચિંતા વ્યક્ત કરતા જણાવ્યુ હતુ કે , ભવિષ્યમાં ફોરેસ્ટ, જમીન સંપાદન, વરસાદની અનિશ્ચિતતા કે અન્ય પ્રશ્નોના સંદર્ભમાં આ પ્રકારના ઓડિટ પેરા ઉદભવે નહી તેના માટે કયા ઉપાયાત્મક પગલા લઈ શકાય તે વિચારવું જોઇએ. સમિતિ સમક્ષ ઉપસ્થિત વિભાગ / નિગમના પ્રતિનિધિએ જણાવ્યુ હતુ કે નિગમની કામગીરી ઉદ્યોગો સમાન ગણવાને બદલે સીઝનલ ગણવામાં આવે તો ઉકેલ લાવી શકાય તેમ છે કેમ કે આ પોલીસીની બાબત છે. સમિતિએ હાજર રહેલ વિભાગ/નિગમના પ્રતિનિધિઓને જણાવ્યુ હતુ કે બંને નિગમો સરકારના હોઈ સરકારના કોઈ એક વિભાગ તરફથી બાબત પરત્વે આગળ વધવાથી ઓડિટના પેરામાંથી મુક્તિ મેળવી શકાશે. તે સંબંધમાં વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે આમાં પોલીસી લેવલે નિર્ણય લેવાનો થતો હોઈ GERC(Gujarat Electricity Regulatory Commission) નું માર્ગદર્શન મેળવવુ જરૂરી છે. ભવિષ્યમાં આ પ્રકારની ઓડિટની ટીપ્પણી ટાળવા સમિતિએ વિભાગ કક્ષાએ સરદાર સરોવર નર્મદા નિગમ લી.(SSNL) અને પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી. (PGVCL) ની સંયુક્ત બેઠક કરી ચોક્કસ નિર્ણય સાથે આ બાબતમાં GERCના

ડાયરેક્શન માટે જવુ કે ન જવુ તે નક્કી કરી તેની વિગતો સાથે સમિતિ સમક્ષ PGVCLના જવાબદાર અધિકારી સાથે ફરી હાજર રહેવા જણાવ્યુ હતુ.

૧૫. સમિતિની બીજી બેઠક દરમ્યાન નિગમના પ્રતિનિધિએ જણાવ્યુ હતુ કે, નિગમે એપ્રિલ ૨૦૧૫માં PGVCL એ મંજુર કરેલ વીજ લોડ સ્વીકાર્યો હતો. નિગમની વીજ લોડ ઘટાડવાની વિનંતી સામે PGVCLની આ સંબંધેની જોગવાઈ મુજબ વીજ લોડ ઘટાડવા માટે બે વર્ષનો લોકીંગ પીરીયડ હોઈ ૨૦૧૭માં PGVCL એ ઘટાડેલ વીજ લોડ મંજુર કર્યા હતા. એટલે બે વર્ષ દરમ્યાન વીજ લોડમાં ઘટાડો નહી થઈ શકવાને કારણે નિગમને વધારાનુ આર્થિક ભારણ થયુ હતુ. ચર્ચામાં આગળ તેમના જણાવ્યા મુજબ પ્રશ્નના નિરાકરણ સંબંધમાં નિગમના મેનેજીંગ ડીરેક્ટર સાથે બેસીને ચર્ચા કર્યા બાદ એ તારણ આવ્યું કે નિગમની ફ્લક્ચ્યૂએટીવ વીજ માંગને કારણે તેને ઈન્ડસ્ટ્રીઝ સમાન ગણવાને બદલે સિઝનલ ઈન્ડસ્ટ્રી તરીકે લેવું જોઈએ. બીજુ સરદાર સરોવર નર્મદા નિગમ લી.(SSNL) પણ સરકારનુ જ સાહસ હોઈ અને અહીં સિંચાઇ બારે માસ થતી ન હોઈ જર્ક (GERC) માં જઈ પીટીશન કરી શકાય કે કેમ તેના માટે વિચારી રહ્યા છીએ. સમિતિએ આ પ્રકારના પારા નિવારવા વિભાગ કક્ષાએ થયેલ ઉક્ત બેઠકની મિનીટ્સ ઈસ્યુ કરેલ ના હોઈ વિભાગ/નિગમના પ્રતિનિધિઓને સખત શબ્દોમાં ઠપકો આપ્યો હતો. આ સમયે બેઠકમાં હાજર રહેલ ઉર્જા વિભાગના પ્રતિનિધિએ જણાવ્યુ હતુ કે ખરેખર તો જર્કના માર્ગદર્શન માટે જવાની જરૂર છે તો નિગમ(SSNL) પોતે જર્કમાં જાય તે યોગ્ય રહેશે. આ સમયે સમિતિએ PGVCLના પ્રતિનિધિનો અભિપ્રાય પૂછતાં તેઓએ જણાવ્યુ હતું કે, SSNL ને સીઝનલ ગ્રાહક તરીકેની વ્યાખ્યામાં બંધ બેસાડવુ મુશ્કેલ છે. આવી પરિસ્થિતિમાં SSNL એ જર્કમાં પીટીશન કરી નિર્ણય જર્ક પર છોડવો પડે. આ બાબત પરત્વે સમિતિએ ઊંડી ચિંતા વ્યક્ત કરતાં સમિતિએ એ.જી. કચેરીના પ્રતિનિધિને બાબત સંબંધમાં પ્રકાશ પાડવાનુ જણાવતાં તેઓએ અભિપ્રાય આપતા જણાવ્યું હતુ કે બાબત જર્કના નિયંત્રણ હેઠળ હોઈ નિતી વિષયક નિર્ણય કરવાને બદલે જર્કમાં જઈને સલાહ / સમાધાન થાય તે યોગ્ય રહેશે. નિગમના પ્રતિનિધિના જર્કમાં જવાના નિર્ણય સંબંધમાં તેમણે રજૂ કરેલ નબળી માન્યતાને વખોડી કાઢતા સમિતિએ જણાવ્યુ હતુ કે નિગમના હિતમાં સમિતિ એ સૂચવેલ કામગીરીનું અમલીકરણ અધુરુ રાખવુ એ સમિતિને નજરઅંદાજ કર્યા સમાન ગણાય. જી.યુ.વી.એન.એલ. એ વાણિજિયક સંસ્થા હોઇ, એકથી વધુ આયામ/બાબતના સંદર્ભમાં સંયુક્ત રીત વિચારી,જર્કમાં જવુ કે ન જવુ તે અંગેનો

નિર્ણય કર્યા બાદ ફરી સમિતિ સમક્ષ હાજર રહેવા સમિતિએ વિભાગ/નિગમના પ્રતિનિધિઓને જણાવ્યુ હતુ.

૧૬. સમિતિની ત્રીજી બેઠક દરમ્યાન નિગમના પ્રતિનિધિના જણાવ્યા મુજબ વિભાગ અને SSNL ના ઉચ્ચ અધિકારીઓની હાઈ લેવલ કમિટીએ જર્કમાં જવાને બદલે આવા પ્રકારના મુદ્દા માટે SSNL એ વહીવટી અને ટેકનિકલી ઉકેલ લાવવાનો રહે છે એવો નિર્ણય કર્યો હતો. જે સંબંધમાં સમિતિએ એ.જી. કચેરીના પ્રતિનિધિનો અભિપ્રાય માંગતા તેમણે જણાવ્યુ હતુ કે, ભવિષ્યમાં આવુ ફરી ના બને તે સુનિશ્ચિત કરવું પડે અને હાઈ લેવલ કમિટીમાં જે નક્કી થયુ છે તેનાથી આ સમસ્યાનું નિરાકરણ થઈ શકશે એવુ જણાતુ નથી. જર્કમાં જવાના મુદ્દા સંબંધમાં સમિતિ અને વિભાગ/નિગમના પ્રતિનિધિઓ વચ્ચે થયેલ સઘન ચર્ચા બાદ સમિતિને એ સ્પષ્ટ લાગ્યું હતુ કે, હાઈ લેવલ કમિટીએ સૂચવેલ ટેકનિકલ જોગવાઈમાં ભવિષ્યમાં જો ટેકનિકલ દ્રષ્ટિએ એટલા કાબેલ અધિકારી ન હોય તો ત્યારે જર્કમાં જઈને ખરા અર્થમાં ઓપિનિયન લેવો વધુ યોગ્ય રહેશે. બેઠકની આખરમાં નર્મદા વિભાગના પ્રતિનિધિએ ઉક્ત ટેકનિકલ નિર્ણય બાબતમાં જર્કમાં જઈને પણ ઓપિનીયન લઈ શકાશે તેમ જણાવ્યુ હતુ.

૧૭. આમ, વિભાગે મોકલાવેલ લેખિત ખુલાસા તથા ઉક્ત ત્રણ બેઠકોમાં થયેલ સઘન ચર્ચાને અંતે સમિતિને નિગમની વીજ માંગમાં આવતી વધઘટ (ફ્લક્ચુએશન)ને કારણે નિગમ પર પડતા આર્થિક ભારણને દૂર કરવા તેમજ ભવિષ્યમાં આ પ્રકારના ઓડીટ પારા ઉપસ્થિત થતાં અટકાવવા માટે જર્ક (GERC) તરફથી માર્ગદર્શન મેળવવુ વધુ યોગ્ય લાગ્યું છે. આથી ભવિષ્યમાં આ પ્રકારના વીજ માંગ કરાર સંબંધિત મુદ્દા/પ્રશ્નોને સંલગ્ન જે તે વિભાગ / નિગમના ઉચ્ચ અધિકારીઓની બનેલી હાઈ લેવલ કમિટીમાં નિર્ણય અર્થે રજૂ કર્યા બાદ તે અંગેનો આખરી નિર્ણય લેતા પહેલા વધુ સ્પષ્ટતા / ચોક્કસતા/ચકાસણી અર્થે "જર્ક(GERC)"માં જઈને માર્ગદર્શન મેળવ્યા બાદ જ કામગીરીનું અમલીકરણ કરવા સમિતિ ભલામણ કરે છે.

## બંદરો અને વાહન વ્યવહાર વિભાગ

## ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ

**કકરા ક્રમાંક : ૨.૧૦.૧ ભાર કારક**

૧૮. સી.એ.જીના સન ૨૦૧૭-૧૮ના વર્ષના જાહેર ક્ષેત્રના ઉપક્રમો અંગેના અહેવાલાના ફકરા ક્રમાંક: ૨.૧૦.૧ માં જણાવ્યા મુજબ વાહન વ્યવહારની ક્ષમતાના વપરાશનું માપ એટલે કે ભાર કારક જે બેઠકોની ક્ષમતા સામે લઈ જવાયેલા મુસાફરોની ટકાવારી રજૂ કરે છે. સમયપત્રકો માર્ગોના યોગ્ય અભ્યાસ બાદ મુસાફરોની અવરજવર, સેવાનું આવર્તન વગેરે બાબતોના આધારે નક્કી કરવાના હોય છે અને ભાર કારકમાં સુધારા કરવા માટે તેની સામયિક સમીક્ષા જરૂરી છે. નિગમે સન ૨૦૧૨-૧૩ થી ૨૦૧૫-૧૬ દરમિયાન ભાર કારકમાં ઘટાડો નોંધાવ્યો હતો જે ૬૯.૧૮% થી ૬૧.૯૧% થયો હતો.

ઓડિટે અવલોકન કર્યું હતું કે ગ્રામ્ય સેવાઓ કે જેમાં ભાર કારક ૪૦% થી નીચે હોય તેના માટે નિગમે મીની બસો ખરીદવાનું નક્કી કર્યું હતું (જુન- ૨૦૧૨) કારણ કે ગ્રામ્ય માર્ગો માટે મીની બસો અનુકુળ રહેશે અને ભાર કારક્માં વધારો થશે. પરંતુ નિગમ દ્વારા છેક સન ૨૦૧૫માં ૩૦૨ મીની બસો ખરીદવામાં આવી હતી. આ મીની બસોની ફાળવણી ભાર કારકના બદલે નિગમના વિભાગોના સમયપત્રકોના આધારે કરવામાં આવી હતી. સન ૨૦૧૬-૧૭ અને સન ૨૦૧૭-૧૮ માટે ૭૭૫ મીની બસોની ખરીદી માટે ટેન્ડરને આખરી રૂપ આપવાની કાર્યવાહી ચાલુ હતી. આમ, મીની બસો ખરીદવાના નિર્ણયનો અમલ કરવામાં થયેલા વિલંબના કારણે ભારકારકમાં વધારો કરવાનો અનુવર્તી લાભ મળી શક્યો નહીં

૧૯. વિભાગે સમિતિને આપેલ લેખિત ખુલાસામાં જણાવ્યા મુજબ ૭૭૫ માંથી ૫૨૦ મીની બસો ખરીદીને પ્રજાના લાભાર્થે સંચાલનમાં મુકવામાં આવી હતી. નિગમનો લોડ ફેક્ટર ઘટવા બાબતે મુખ્યત્વે ખાનગી વાહનોના સંચાલનમાં વધારો થવાને કારણે, અનામત આંદોલન દરમિયાન નિગમનું મહત્તમ સંચાલન અશાંત પરિસ્થિતિના કારણે બંધ રહેલ પરિસ્થિતીને જ્વાબદાર ઠરાવેલ હતી.ખાનગી વાહનોના સંચાલન વિરુધ્ધ નિગમના સુરક્ષા ખાતા દ્વારા પોલીસ તથા આર.ટી.ઓ. સાથે સંયુક્ત કામગીરી કરવામાં આવે છે પરંતુ પોલીસ તથા આર.ટી.ઓ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવે તો લોડ ફેક્ટરમાં વધારો થઈ શકે.

નિગમનુ ટ્રાફીક પ્રમાણ વધારવા માટે ઓપરેશનલ કોસ્ટ કવર ન કરતી ટ્રીપોની સમીક્ષા હાથ ધરી લંબાણ, માર્ગ બદલવો કે ટ્રીપ રદ્દ કરવા જેવી કાર્યવાહી વિદ્યાર્થીઓ સહિતના મુસાફરોને મુશ્કેલી ન પડે તે રીતે કરવામાં આવે છે.મુસાફરો એસ.ટી.ની બસમાં જ મુસાફરી કરવા પ્રેરાય તે માટે મુસાફર પાસ યોજનામાં સુધારો કરવામાં આવેલ છે.વધુમાં નિગમનો ફેબ્રુઆરી- ૨૦૨૦ (ક્યુમ્યુલેટીવ) સુધીનો મીની બસોનો ભારકારક ૭૯.૬૯% રહેલો છે. ભારકારક વધારવા માટે નિગમની લોકલ સર્વીસો કે જેનો લોડ ફેક્ટર ૫૦% થી ઓછો હોય તેવી ૩૫૦ સર્વીસોને મીની બસમાં તબદીલ કરી સંચાલનમાં મુકેલ છે, જીલ્લાથી જીલ્લાને, જિલ્લાથી તાલુકાને, તાલુકાને તાલુકાથી જોડતી નવીન ૪૧૨ મીની બસોની સેવાઓ સંચાલનમાં મુકેલ છે, વિભાગ અને ડેપોની સંયુક્ત ટીમ દ્વારા સઘન “નો પાર્કિંગ ઝોનની” અમલવારી કરવામાં આવી રહેલ છે, ભારકારક વધારવા કંડક્ટર વાઇઝ EPKM કાર્ડ ઈસ્યુ કરી મોનીટરીંગ કરવામાં આવે છે, વર્ષ ૨૦૧૭-૧૮માં કુલ ૨૭૫ મીની બસો ઈસ્યુ થયેલ જેમાં ૭૪.૮૧% , વર્ષ ૨૦૧૮-

૧૯માં કુલ ૫૦૦ મીની બસો ઈસ્યુ થયેલ જેમાં ૮૧.૨૫% અને વર્ષ ૨૦૧૯-૨૦માં કુલ ૨૫૦ મીની બસો ઈસ્યુ થયેલ જેમાં ૮૪.૫૮% ભાર કારકતા રહેલ છે.

૨૦. સમિતિની તા.૩૦/૧૧/૨૦૨૧ના રોજની બેઠકમાં ઉક્ત ૩.૭.૧ પેરાના સંબંધમાં તપાસ હાથ ધરતી વખતે નિગમના પ્રતિનિધિના જણાવ્યા મુજબ બસનો ઓક્યુપન્સી રેશિયો વધારવા માટે છેલ્લા ચાર વર્ષમાં ૧૦૦૦ મીની બસો સંચાલનમાં મૂકવામાં આવી છે. જે તે સમયે લોડ ફેક્ટર ૬૧ ટકા થઇ ગયેલ તે આજે ૬૯.૯૦ ટકા પર છે. સમિતિએ મીની બસોની ખરીદીમાં થયેલ વિલંબ સંબંધમાં પૃચ્છા કરતા નિગમના પ્રતિનિધિએ જણાવ્યુ હતુ કે બસોની ખરીદી બજેટની નવી જોગવાઈની બાબત હોવાથી, નિગમે જ્યારે દરખાસ્ત કરી, તેના આધારે વિભાગ દ્વારા તે પછીના બજેટની જોગવાઇમાં તેને મંજૂરી આપવામાં આવી અને ત્યારબાદ આખી પ્રોક્યોરમેન્ટ પ્રોસેસ અંદાજે એક વર્ષમાં થયેલ. વિભાગ દ્વારા લેવાયેલ નિર્ણય બાદ તુરતજ આઠ માસમાં બસો ફેઝવાઈઝ મુકવામાં આવી હતી. વધુમાં નિગમના ટ્રાફિક્ને અસરકરતા ખાનગી વાહનો ના સંચાલન પર અંકુશ મૂકવા સંબંધમાં તેમણે માહિતી આપતા જણાવ્યું હતુ કે નિગમ,પોલીસઅને આર.ટી.ઓના સંયુક્ત પ્રયાસો દ્વારા નિયમિતપણે ઝૂંબેશ ચલાવવામાં આવે છે અને છેલ્લા ત્રણ મહિનામાં રોજના એવરેજ એકસો વાહનો ડીટેઇન કરવામાં આવેલ છે.

૨૧. **ઓડિટે અવલોકન તથા વિભાગ/ નિગમની લેખિત અને મૌખિક સ્પષ્ટતા જોતા સમિતિને લાગે છે કે એસ.ટીનો મહત્તમ ઉપયોગ ગરીબ, સામાન્ય અને મધ્યમ વર્ગના લોકો કરી શકે તે માટે નિગમની ભારકારકતા વધારવા અને તેની સામે ખાધ નિવારવા હાલની પરંપરાગતની પરિસ્થિતિમાં સુધારો કરી અસરકારક આયોજન કરવા ઉપરાંત એસ.ટી. બસસ્ટેન્ડની આસપાસ કે અન્યરીતે પણ એસ.ટીના ટ્રાફિક્ને નુકસાનકર્તા**

**પરિબળોને દૂર કરવા સરકાર/ વિભાગ/ઉચ્ચકક્ષાએથી "નો પાર્કીંગ ઝોન" ના નિયમોનો કડકાઇથી અમલ કરાવવા અને સમયાંતરે આ માટે ઝુંબેશ કરવા સમિતિ ભલામણ કરે છે.**

ઉદ્યોગ અને ખાણ વિભાગ(પ્રવાસન પ્રભાગ)

ગુજરાત પ્રવાસન નિગમ લીમીટેડ

ફકરા ક્રમાંક ૩.૩ : ટેન્ડરની શરતોનું વિચલન સંચાલકને અયોગ્ય લાભ આપવા તરફ દોરી ગઈ.

૨૨. સી.એ.જી.ના સન ૨૦૧૬-૧૭ના વર્ષના જાહેર ક્ષેત્રના ઉપક્રમો અંગેના અહેવાલના ઉક્ત ફકરામાં ઓડીટે જણાવ્યા મુજબ સરકારે સાપુતારા ગીરીમથકને વિકસાવી તેને પ્રવાસનું આકર્ષણ બનાવવા પરિયોજનાને ત્રણ તબક્કામાં હાથ ધરવાનો નિર્ણય કર્યો હતો. (નવેમ્બર-૨૦૧૦). વિસામો આશ્રયસ્થાન કે જે પરિયોજનાનો પ્રથમ તબક્કાનો ભાગ હતો તેની સંકલ્પના સાપુતારા ખાતે ટૂંકુ રોકાણ કરનારા પ્રવાસીઓ માટે આરામ કરવાના પેવેલીયન, શૌચાલયો, સ્નાનઘર, રસોઈઘર તેમજ વાહનોના પાર્કીંગ, મનોરંજન વિસ્તાર વગેરે જેવી વિરામની સુવિધા માટે કરવામાં આવી હતી.

નિગમે વિસામો બાંધકામનું કામ મેસર્સ કિંન્સ ફોલ્ક ગૃપના મેસર્સ ડી.એચ. પટેલ (ઈજારદાર), સુરત ને આપ્યુ હતું (એપ્રિલ-૨૦૧૧). ઈજારદારે, બે ડોરમેટરી, બેસવા માટે ત્રણ ઝુપડીઓ, બસ અને કાર માટે પાર્કીંગ, રસોડાઘર સાથે બસો માટે આશ્રયસ્થાન, વ્યક્તિગત શૌચાલય, બાળકો માટેનો રમત-ગમતનો વિસ્તાર વગેરે સુવિધાઓનું બાંધકામ કર્યુ હતું.

નિગમે વિસામોના વ્યવસ્થાપન અને સંચાલન માટે મેસર્સ કિન્સ ફોલ્ક ગૃપની જ માલિકીની મેસર્સ કિન્સ ફોલ્ક ઈન્ફ્રા એન્જીનીયરીંગ, સુરતને (સંચાલક) પાંચ વર્ષમાટે

લેટર ઓફ ઈન્ટેન્ટ આપ્યો હતો (જુલાઈ–૨૦૧૪). કરાર મુજબ સંચાલકે નિગમને પ્રથમ વર્ષ માટે વાર્ષિક રૂ. ૨૧ લાખ અને પછીના દર વર્ષે ૧૦ ટકાના વધારા સાથે વ્યવસ્થાપન ફી ચૂકવવાની હતી. સંચાલકે ઓફરનો સ્વીકાર કરતી વખતે પોતાના ખર્ચે કેટલાક આંતરિક ફેરફારો કરવાની નિગમ પાસે મંજૂરી માગી હતી (જુલાઈ–૨૦૧૪). મંજૂરી માંગતા સમયે નકશામાં કરવાના થતાં સૂચિત ફેરફારો પણ તેમણે રજૂ કર્યા હતાં. નિગમે ઉક્ત દરખાસ્ત મંજૂર કરી હતી (સપ્ટેમ્બર–૨૦૧૪) અને ફેરફાર કરવા ચાર મહિનાનો સમય આપ્યો હતો. સંચાલક સાથે એપ્રિલ–૨૦૧૫માં O & M કરાર કરવામાં આવ્યો હતો.

સંચાલક દ્વારા આપવામાં આવેલ ડિઝાઈનની ચકાસણીમાં ઓડીટ દ્વારા જોવામાં આવ્યું હતું(મે–૨૦૧૬) કે સંચાલકે ત્રણ આશ્રયસ્થાન અને બે ડોરમેટરીને ૩૨ ઓરડા, આઠ ડોરમેટરી અને એક કાફેટેરીયા વાળા રીસોર્ટમાં ફેરવવાની દરખાસ્ત કરી હતી. વ્યવસ્થાપન કરારની શરતો મુજબ સંચાલક નિગમની મંજૂરીથી પોતાનાં ખર્ચે સુધારા–વધારાં કરી શકે પરંતુ બાંધકામ વિસ્તરણ અથવા મિલકતમાં કોઈ માળખાકીય ફેરફાર કરી શકે નહીં. આમ છતાં, સંચાલક દ્વારા સૂચવેલ અને નિગમ દ્વારા મંજૂર કરેલ ફેરફારો સુધારા–વધારા માટેના ન હતા પરંતુ મોટા માળખાકીય ફેરફારો હતાં. જેથી તેમાં ટેન્ડરના કરારની શરતોનો ભંગ થતો હતો. સંચાલકે મિલકતને રિસોર્ટ (વ્હાઈટ ફીધર તોરણ રીસોર્ટ) માં ફેરવી નાખી હતી. આંતરિક સુધારા–વધારાની સંમતિ આપતી વખતે નિગમે વિસામાના મૂળ ખ્યાલના સંદર્ભમાં સૂચિત ફેરફારોની અસરોનું વિશ્લેષણ કર્યુ ન હતું. ટેન્ડરની શરતોનું વિચલન કરીને નિગમે સંચાલકને રિસોર્ટ તરીકેની વધારે આવક મેળવવાનો અનુચિત લાભ આપ્યો હતો. વ્યવસ્થાપકોના જણાવ્યા મુજબ ફેરફારો કરવા માટેની મંજૂરી બોર્ડની પરવાનગીથી આપવામાં આવી હતી. વ્યવસ્થાપકોએ યોજનાની બદલાયેલી સ્થિતિનો સ્વીકાર કર્યો હતો અને આ રીતે સરકારનો સાપુતારામાં વિસામાનો હેતુ સિદ્ધ થયો ન હતો. ઉક્ત પેરા પરનો સરકારનો જવાબ ડિસેમ્બર–૨૦૧૭ સુધી ઓડીટને મળ્યો ન હતો.

૨૩. વિભાગે તારીખ ૨૦–૦૮–૨૦૧૯ ના રોજ સમિતિને આપેલ લેખિત સાહિત્યમાં જણાવ્યા મુજબ વ્યવસ્થાપન અને સંચાલનના કરાર માટે જે બોલીઓ આમંત્રિત કરવામાં આવેલ તેમાં મેસર્સ કિન્સ ફોલ્ક ઈન્ફ્રા એન્જીનીયરીંગ, સુરત દ્વારા સૌથી વધુ બોલી કરવામાં આવેલ. તા.૦૯–૦૯–૨૦૧૪ના રોજ મળેલ નિગમની ૨૨૯મી બોર્ડ મિટીંગમાં સૂચિત સુધારા–વધારા માટે પરવાનગી આપવામાં આવેલ. નિગમ દ્વારા મિલકતની બદલાયેલી સ્થિતિ અને સંભવિત ઉચ્ચ આવકની ક્ષમતાને આધારે સંચાલક (મેસર્સ કિન્સ ફોલ્ક ઈન્ફ્રા એન્જીનીયરીંગ) સાથે મેનેજમેન્ટ શરતોને આધારે ફરીથી વાર્ષિક ફી નક્કી કરવા વાટાઘાટો કરવાનો અને અલગ વિસ્તારમાં પ્રવાસીઓ માટે દિવસ દરમિયાનની સુવિધાઓ સુનિશ્ચિત કરવા નિર્ણય લેવામાં આવેલ. સંચાલક ઉક્ત મુદ્દાઓનું પાલન કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી તેમના વિરુદ્ધ ટેન્ડરની શરતો/કરારના ઉલ્લંઘન કરવા બદલ તા.૦૭–૦૨–૨૦૧૮ ના રોજ કારણદર્શક નોટિસ પાઠવવામાં આવેલ અને તા.૧૧–૧૨–૨૦૧૮ના રોજ યોજાયેલ નિગમની ૨૪૭મી બોર્ડ મીટીંગમાં બોર્ડ દ્વારા વિસામાને હોટલમાં પરીવર્તીત કરવા માટે સરકારની મંજૂરી મેળવવા, વર્તમાન ધોરણે આ હોટલ માટે નવા ભાડા નક્કી કરવા, આ માટે સંચાલકને આપવામાં આવેલ કબજાની તારીખથી નવુ ભાડુ વસૂલવા અને સંચાલક પાસેથી બિન અધિકૃત બાંધકામ અને સમયસર વાર્ષિક ભાડું નહીં ચૂકવવા બદલ દંડ વસૂલવા અંગે નિર્ણય કરવામાં આવેલ.

૨૪. ઉક્ત ફકરા સંબંધેની સમિતિની ચાર બેઠકો દરમિયાન હાથ ધરવામાં આવેલ તપાસ દરમિયાન વિભાગ/નિગમના હાજર પ્રતિનિધિના જણાવ્યા મુજબ ડિઝાઈન/નકશા મુજબ જ વિસામાનું બાંધકામ કરવામાં આવેલ પરંતુ તેને ચલાવવા માટે જે એચ–૧ એજન્સી આવી તેણે પોતાના ખર્ચે ડિઝાઈન,એલિવેશન અને સ્ટ્રકચરમાં ફેરફાર કર્યા સિવાય એમાં કેટલાંક સુધારા કરવાની મંજૂરી માગી અને આ શરતો એ તેમને ફેરફાર કરવાની મંજૂરી આપેલ. ત્યારબાદ વિસામોમાં સુધારા કરીને તેને હોટલમાં તબદીલ કરવામાં આવ્યું. આ સંબંધમાં સમિતિએ વિસામાની જગ્યાએ હોટલ બની ગયા પછી

જ્યારે ધ્યાનમાં આવ્યું તો જે અધિકારી એ નિરીક્ષણ કરવાનું હતુ અને જેના કારણે આ ક્ષતિ થઇ તેની જવાબદારી નક્કી કરવા નિગમે તેની સામે કોઇ પગલા લીધેલા કે નહીં? ઉપરાંત ઓડિટમાં પેરા ઉપસ્થિત થયા બાદ પણ કોઇ પગલા લીધેલા? તેના પ્રત્યુત્તરમાં નિગમના પ્રતિનિધિના જણાવ્યું હતું કે બોર્ડની સત્તાથી મંજૂરી આપવામાં આવેલ પરંતુ બાબત સંબંધમાં તપાસ કરી જે તે અધિકારીની જવાબદારી નક્કી કરવા અંગે વિભાગના તત્કાલિન સચિવના થયેલ આદેશ અનુસાર નિગમ તરફથી એક કમિટીની રચના કરવામાં આવેલ. આ કમિટી એ ઈજારદારને દૂર કરવા જરુરી કાર્યવાહી કરવા તેમજ મિલકત પરત મેળવવા અને ઈજરદાર પાસેથી દંડ વસૂલવા સહિતની અન્ય ભલામણો કરી હતી.પરંતુ ઉક્ત કમિટી એ કરેલ કાર્યવાહી સંબંધે અસંતોષ વ્યક્ત કરતાં સમિતિ એ જણાવ્યું હતુ કે કમિટી એ નકશા સંદર્ભે કશી જ નોંધ કરી નથી. કમિટીના અધિકારીઓ એ  કોઇ નક્કર કાર્યવાહી કરેલ નથી.ઉક્ત કમિટી એ જવાબદારોને દોષમુક્ત કરીને અયોગ્ય કર્યું છે એવું સમિતિએ સ્પષ્ટ જણાવ્યું હતું. વધુમાં સમિતિએ નિગમ દ્બારા રચાયેલ ઉક્ત કમિટી એ નિગમના તત્કાલીન વહીવટી સંચાલકને સાદર કરેલ રિપોર્ટ પર વહીવટી સંચાલકે પણ કશી જ નોંધ/અભિપ્રાય/સૂચના નહીં આપીને અયોગ્ય કર્યું હોવાનું જણાવ્યુ હતુ. આ સંદર્ભમાં વિભાગના પ્રતિનિધિ એ કબૂલ્યું હતું કે નકશાની બાબતમાં વિગતે નહીં જઇને કમિટી એ ફોકસ બીજા મુદ્ધા – મિલકતનો કબજો પરત લઇ લેવા અને દંડ વસૂલવા પર આપ્યું હતું.

૨૫. સમિતિએ ઊંડો અફસોસ વ્યક્ત કરતા જણાવ્યું હતુ કે જે તે સમયે જો વિભાગ/સરકાર તરફથી ઉક્ત પેરા સંબંધે સમયસર પૂર્તતા કરવામાં આવી હોત થયેલ ક્ષતિ/પેરાને ઉપસ્થિત થતો અટકાવી શકાયો હોત. ઉક્ત પેરાની તપાસ અર્થે સમિતિની બીજી બેઠક પાંચ મહિના બાદ મળી હોવા છતાં સમિતિની પ્રથમ બેઠક દરમ્યાન સમિતિ એ માગેલ વિગતો બીજી બેઠક સુધી નહી મળી હોવા અંગે સમિતિ કડક શબ્દોમાં આલોચના કરી હતી. ઉપરાંત પેરા સંદર્ભેની ઘટના સમિતિ સમક્ષ લાવવામા થયેલ વિલંબ અંગે સમિતિએ સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી.  નિગમના પ્રતિનિધિ એ પેરા

સંબંધમાં વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે વિસામાનું બાંધકામ તેમજ સંચાલન અને નિભાવણીની કામગીરી જેમને આપવામાં આવેલ તે બન્ને કંપની/એકમોના સરનામા એક જ છે. તેમણે આગળ જણાવ્યુ હતુ કે ઈજારદારે નવુ બાંધકામ નથી કર્યું પરંતુ જે સ્ટ્રકચર /ડિઝાઈનમાં આંતરિક ફેરફાર થયો છે તે કાચુ સ્ટ્રકચર તોડીને પાડી શકાય તે પ્રકારનું છે. પછીથી ૧૧મી ડિસેમ્બર,૨૦૧૮ નારોજની બોર્ડ મિટીંગમાં બોર્ડે વિસામાને હોટલ તરીકે પ્રસ્થાપિત કરવાનો નિર્ણય કરેલ. નિગમે સુપ્રિમ કોર્ટના ચુકાદા અન્વયે ઈજરદાર પાસેથી મિલકતનો કબજો પણ લઈ લીધેલ છે. સમિતિએ ઉક્ત બોર્ડ મિટીંગની બાબત સરકારની મંજૂરી અર્થે સરકાર સમક્ષ રજૂ કરી હતી કે કેમ? તે સંબંધે પૃચ્છા કરતા નિગમના પ્રતિનિધિએ જણાવ્યુ હતુ કે વિભાગે/ સરકારે ઉક્ત બાબત સંબંધમાં જવાબદાર જેતે અધિકારીની જવાબદેહી નક્કી કરવા રિમાર્ક્સ આપ્યા હતા. સમિતિએ ઉક્ત પેરાની થયેલ પૂર્તતા સંદર્ભમાં આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યુ હતુ કે ત્રણ અલગ-અલગ નિર્ણયો જેમકે કે બોર્ડે આને નિયમ/પ્રોસેસ મુજબનું ગણાવ્યું, સરકાર/વિભાગે અધિકારીની જવાબદારી નક્કી કરવા કહ્યું અને કમિટિએ દોષમુક્ત કર્યા તે આ સમિતિ ગ્રાહ્ય રાખી શકે તેમ નથી. ઉપરાંત આ પરિયોજના માટે સરકારનો જે મૂળ પરંપરાગત વિચાર હતો તેના કરતા મિલકત નવું સ્વરુપ ધારણ કરે તે યોગ્ય થયું નથી. આ બાબતમાં સમિતિ એ બેઠકમાં ઉપસ્થિત એ.જી.કચેરીના પ્રતિનિધિનો અભિપ્રાય પૂછતા તેમણે જણાવ્યું હતું કે સંચાલન અને જાળવણી માટેનું ટેન્ડર ફ્લોટ કર્યા બાદ તેનો કરાર કરતા સમયે રજૂ કરવામાં આવેલ ફેરફારોને મંજૂર કરવા પછી ભલે તે મંજૂરી બોર્ડ અથવા તો સરકાર દ્વારા આપવામાં આવેલ હોય તો પણ અન્ય બીડરો માટે તે ન્યાયી ન હતું જેની નોંધ લેવી જરુરી હતી. આ બાબતને સમિતિએ પણ તેને ટેન્ડરની શરતોમાં થયેલ વિચલન તરીકે ગણાવેલ. આ સંબંધમાં વિભાગના પ્રતિનિધિએ બોર્ડની શરતોનું ઈજારદાર દ્વારા ખોટું અર્થઘટન થયા હોવાનું જણાવ્યું હતું. સમિતિને નિગમ દ્વારા રચેલ કમિટીને આ મુદ્દો ધ્યાન પર કેમ ના આવ્યો તે બાબતે આશ્ચર્ય થયું હતું. ચર્ચામાં આગળ વિભાગના પ્રતિનિધિએ સુપ્રિમકોર્ટના નિર્ણયને આધારે ઈજારદારને દૂર કરી મિલકતના

સંચાલન અને જાળવણી માટેના નવા ટેન્ડરની કાર્યવાહી શરુ કરવા બાબતે સમિતિને વાકેફ કર્યા હતા.

૨૬. સમિતિની ત્રીજી બેઠક આશરે ત્રણ વર્ષ બાદ મળી હોવા છતાં વિસામાના સંચાલન અને જાળવણી માટેનું ટેન્ડર સરકારશ્રીની મંજૂરી હેઠળ હોવાનું જાણી અને આજદિન સુધી નિગમની મોકાની આ મિલકત ઉપયોગ વિના એમને એમ પડી રાખવા બદલ સમિતિએ ગંભીર આશ્ચર્ય વ્યક્ત કર્યું હતુ. તેના પ્રત્યુત્તરમાં નિગમના પ્રતિનિધિ એ ખાતરી આપતા જણાવ્યુ હતુ કે ફેબ્રુઆરી–૨૦૨૬ અંત સુધીમાં આ અંગેના ટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવશે. સમિતિએ વિવાદ સુપ્રિમકોર્ટ સુધી કેવી રીતે પહોંચ્યો તે સંબંધમાં પૂછતા નિગમના પ્રતિનિધિએ જણાવ્યુ હતુ કે ઈજારદારને વિસામો ચલાવવાનો કરાર પાંચ વર્ષ માટે આપવામાં આવ્યો હતો, તે સમય દરમ્યાન ઓડિટ પેરા ઉપસ્થિત થયો અને નિગમે ઈજારદારને નોટિસ પાઠવતા તેઓ હાઇકોર્ટમાં ગયા પરંતુ હાઇકોર્ટમાં સ્ટે આવતા નિગમ તેની વિરુધ્ધમાં સુપ્રિમકોર્ટમાં ગયું અને સુપ્રિમકોર્ટમાં નિગમની ફેવરમાં નિર્ણય આવ્યો.આ જાણ્યા બાદ એટલે કે સુપ્રિમકોર્ટના નિર્ણય બાદ સમિતિને આ કિસ્સા માટે આગળ કોઈ નિર્દેશન આપવાનું રહેતુ નથી એવુ જણાયુ હતુ પરંતુ પેરા સંદર્ભમાં વિભાગે સમિતિને આપેલ લેખિત જવાબ અને બેઠકમાં વિભાગ/નિગમના પ્રતિનિધિઓની મૌખિક રજૂઆત જોતાં સમિતિને એ તો સ્પષ્ટ લાગે છે કે ઉક્ત પેરા સંબંધમાં વિભાગ/સરકાર તરફથી સમયસર પૂર્તતા કરવામાં આવી હોત તો પેરા ઉદભવતો અટકાવી શકાયો હોત. વધુમાં આ કિસ્સામાં વિસામો પરિયોજના સરકાર દ્વારા મંજૂર થયા બાદ પાછળથી બોર્ડ દ્વારા મંજૂર રાખેલ સૂચિત ફેરફારોની બાબત સરકારની મંજૂરી અર્થે નહીં મોકલતા વિવાદ છેક સુપ્રિમકોર્ટ સુધી પહોંચ્યો હતો.આથી ભવિષ્યમાં આ પ્રકારની વિસંગતતાઓ અટકાવવા લોકહિતાર્થે પરિયોજના સરકાર દ્વારા મંજૂર થયા બાદ પાછળથી તેમાં બોર્ડ દ્વારા માન્ય રાખેલ ફેરફારો અંગેના નિર્ણયનો અમલ કરતા પહેલા તેને સરકારની મંજૂરી અર્થે અવશ્ય મોકલી આપવા માટે સમિતિ ભલામણ કરે છે.

બીજું વિસામાને ચલાવવા માટે ટેન્ડરની પ્રક્રિયા ઘણા લાંબા સમયથી વિલંબીત હોઇ પ્રક્રિયા સત્વરે પૂર્ણ  કરવા પણ સમિતિ ભલામણ કરે છે.

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**

ગુજરાત રાજ્ય પેટ્રોલિયમ નિગમ લિ.

ગુજરાત રાજ્ય પેટ્રોનેટ લિ.

**ફકરા ક્રમાંક–૩.૬ વ્યાજની બિન વસૂલાત**

૨૭. સી.એ.જી.ના સન ૨૦૧૬–૧૭ના વર્ષના જાહેર ક્ષેત્રના ઉપક્રમો અંગેના અહેવાલના ઉક્ત ફકરા ક્રમાંકમાં ઓડિટે જણાવ્યા મુજબ કંપની ગેસના પ્રવાહન માટે તેના ગ્રાહકો સાથે ગેસ પ્રવાહન કરાર કરે છે અને પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ (PNGRB) ને સામાન્ય/કરાર કેરીયર પાઈપલાઈન માટે પ્રવાહનના દરોનું નિયંત્રણ કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. ગેસ પ્રવાહન કરારની શરતો મુજબ વ્યાજનો અર્થ વણ ચૂકવાયેલ અથવા વિવાદિત હોય તે રકમ પર નિયત તારીખથી આવી રકમની ખરેખર ચૂકવણા તારીખ સુધીનો વિલંબીત ચૂકવણી અંગેનો ચાર્જ તેવો થાય છે.

૨૮. PNGRBએ કંપનીના હાઈ પ્રેશર ગેસ ગ્રીડના ગ્રાહકો પર તા. ૧૧/૦૭/૨૦૧૪ના રોજ સુધારેલ પ્રશુલ્ક દરો જાહેર કર્યા હતા. જેમાં ટેરીફ પાછલી તારીખ એટલે કે તા. ૨૭/૦૭/૨૦૧૨થી અમલમાં આવ્યુ હતુ. કંપનીએ સુધારેલ પ્રશુલ્ક દર સુચિ મુજબ ૨૮ ગ્રાહકોને નિયત તારીખની અંદર ચૂકવણી કરવા રૂ. ૨૮૭.૬૭ કરોડના પૂરક બિલો જારી કર્યા હતા (ઓગસ્ટ–૨૦૧૪). કંપનીએ ઉક્ત રકમ સામે રૂ. ૨૪૫.૧૨ કરોડની વસૂલાત કરી હતી (ઓગસ્ટ–૨૦૧૪ થી ઓક્ટોબર–૨૦૧૫). કંપનીના ઉક્ત ૨૮ ગ્રાહકો પૈકી માત્ર ૮ ગ્રાહકોએ નિયત તારીખોની અંદર ચૂકવણી કરેલ જ્યારે બાકી રહેલ ગ્રાહકો પૈકી ૧૬ ગ્રાહકોએ નિયત તારીખ પછી, બે ગ્રાહકોએ માત્ર આંશિક ચૂકવણી કરી હતી અને બે ગ્રાહકોએ કોઈ ચૂકવણી કરી ન હતી. કંપનીએ નિયત તારીખો પછી થયેલ ચૂકવણીઓ પર ગેસ પ્રવાહન કરારની શરતો અનુસાર વ્યાજ માટે  દાવો કર્યો ન હતો. જેને કારણે પૂરક બિલોની વિલંબીત ચૂકવણીઓ માટે રૂ. ૨.૯૭ કરોડ જેટલા વ્યાજની બિન વસૂલાત રહેવા પામી હતી.

વધુમાં કંપની દ્વારા જારી કરવામાં આવેલ પૂરક બિલોમાં ચૂકવણી માટે નિયત તારીખો દર્શાવવામાં આવેલ. આથી, જો વિલંબથી થયેલ ચૂકવણીઓ માટે વ્યાજ લાગુ પાડવાનું ન હોય તો બિલોમાં નિયત તારીખોનો ઉલ્લેખ કરવાનો કોઈ અર્થ રહેતો ન હતો. આમ, જેમણે ચૂકવણીમાં નિયત તારીખ પછી એટલે કે બે દિવસથી એક વર્ષ કરતાં વધુ સમય વચ્ચેનો વિલંબ કરેલો અને તેમને અનુચિત લાભ આપવામાં આવેલ. આ સંબંધમાં ઓડિટે પૂરક બિલોની ચૂકવણી માટે નિશ્ચિત સમયમર્યાદા અંગે સ્પષ્ટ નીતિ અમલમાં લાવવાનો નિર્દેશ કર્યો હતો.

૨૯. વિભાગે તા.૧૮/૦૬/૨૦૧૯ ના રોજ સમિતિને આપેલ લેખિત ખુલાસામાં જણાવ્યા મુજબ PNGRBના નિર્ણયને આધારે ટેરિફમાં આવેલ પરિવર્તન માટે ગ્રાહકોને પૂરક બિલો આપવામાં આવેલ, નહી કે GTA (Gas transmission agreement)ની જોગવાઈ હેઠળ. વધુમાં ઉક્ત સાહિત્યમાં જણાવ્યા મુજબ પૂરક બિલો GTA માળખા હેઠળ જારી કરવામાં આવેલ કે જે નિયમિત બિલો ન હતા તેમજ ઉક્ત બિલો ‘‘પહેલાંના બિલોના બાકી લ્હેણાં’’ ના સ્વરૂપના ન હતા પરંતુ નિયમનકારી / ન્યાયિક આદેશોના લીધે ચૂકવણી કરવા માટેના હતા. PNGRB એ સુધારેલ ટેરીફ ઓર્ડર્સના પરિણામે ગ્રાહકો પાસેથી વ્યાજની ચૂકવણી માટેની કોઈ જોગવાઈ કરેલ ન હતી. તદઉપરાંત બોર્ડે માત્ર ચૂકવણીને ઝડપથી પ્રાપ્ત કરવાનો નિર્દેશ કરેલો પરંતુ વ્યાજની ચૂકવણીની પુનઃપ્રાપ્તિ માટે કોઈ નિર્દેશ કરેલ ન હતો. ઉક્ત સાહિત્યમાં એ બાબતનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે ભવિષ્યમાં આ પ્રકારની ચૂકવણીની સમસ્યાના ઉકેલ માટે ઔપચારિક રીતે નીતિ ઘડવાની પ્રક્રિયા થઈ રહી છે. આ ઉપરાંત ઉક્ત સાહિત્યમાં ઓડિટ કચેરીની ટિપ્પણીઓ પર વિભાગ/નિગમે આપેલ જવાબ ૧૪મી ગુજરાત વિધાનસભાની સમિતિના ત્રીજા અહેવાલના પગલાં પરના પત્રકોમાં વિભાગ/નિગમે આપેલ જવાબ સમાન જ જવાબ આપવામાં આવેલ.

૩૦. ઓડિટ અહેવાલના ઉક્ત પેરા સંબંધમાં સમિતિની કુલ બે બેઠકો દરમ્યાન તપાસ હાથ ધરવામાં આવેલ જેમાં નિગમના પ્રતિનિધિના જણાવ્યા મુજબ ગેસ ટ્રાન્સપોર્ટેશનના ચાર્જીસ PNGRB દ્વારા નક્કી કરવામાં આવે છે અને PNGRB દ્વારા પાછલી તારીખથી ટેરીફ લાગુ કરાતાં વધારાના દરોની વસૂલાત સંબંધમાં ૨૮ ગ્રાહકો પૈકી બે ગ્રાહકોએ ચૂકવણી બાકી રાખી છે. સમિતિ દ્વારા ઉક્ત બે ગ્રાહકોની ચૂકવણી સંબંધમાં પૃચ્છા કરતાં નિગમના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, ટૉરેન્ટ પાવર લિ. ના રૂ. ૨૨.૯૮ કરોડ અને વિડીયોકોન કંપનીના ૬૨ લાખ રૂપિયાના બિલો પેટેની વસૂલાત બાકી છે. જેમાં ટૉરેન્ટ પાવર લિ. નામદાર હાઈકોર્ટમાં ગયા છે, જેનો ચૂકાદો આવવાનો

બાકી છે. જ્યારે વિડીયોકોન કંપનીએ હાલ નાદારી નોંધાવી છે અને તેનો પણ કેસ ચાલુ છે. ઉપરાંત, વસૂલાત  સંદર્ભેના અમુક કેસો પણ નામદાર સુપ્રિમ કોર્ટમાં ચાલુ છે. એટલે એમાં પણ વસૂલાત બાકી છે. સન ૨૦૧૬–૧૭ અને ૨૦૧૩–૧૪ના વર્ષના ઓડિટ અહેવાલમાં ઉક્ત સમાન પ્રકારના પારા અન્વયે તા. ૧૬/૦૭/૨૦૨૪ના રોજની બેઠકમાં સન ૨૦૧૬–૧૭ના  ઓડિટ અહેવાલના ઉક્ત ફકરાની સાથે ૧૪મી ગુજરાત વિધાનસભાની સમિતિની ૧૫મા અહેવાલમાં જી.એસ.પી.એલ. સંબંધે કરવામાં આવેલ ભલામણ પર લીધેલ પગલાનાં પત્રકો (ઓડિટ અહેવાલ–૨૦૧૩–૧૪) ની સંયુક્ત તપાસ હાથ ધરતાં સમયે નિગમના પ્રતિનિધિએ સમિતિને માહિતગાર કરતાં જણાવ્યુ હતુ કે, આવા પ્રકારની ચુકવણી સંબંધમાં વર્ષ ૨૦૨૧માં વિભાગ દ્વારા પોલીસી તૈયાર કરવામાં આવી છે. પરંતુ, સમિતિ સમક્ષ નીતિ સમયસર રજૂ થઈ શકેલ નહીં. આ માટે તેમણે સમિતિ સમક્ષ દિલગીરી પણ વ્યક્ત કરી હતી.

૩૧. આમ, સમિતીએ કરેલ ભલામણ(૧૪મી ગુજરાત વિધાનસભાની સમિતિનો ત્રીજો અહેવાલ) /પુનઃભલામણ(૧૪મી  ગુજરાત વિધાનસભાની સમિતિનો પંદરમો અહેવાલ)બાદ સરકાર દ્વારા પોલીસી તૈયાર કરી દેવામાં આવેલ હોઈ સમિતિએ ૧૫મી ગુજરાત વિધાનસભાની સમિતિના ચોથા અહેવાલમાં તે ભલામણ સંબંધમાં સંતોષ વ્યક્ત કરી સન ૨૦૧૩–૧૪ના ઓડિટ અહેવાલમાં સમાવિષ્ટ ફકરા ક્રમાંક ૩.૭(વ્યાજની વસૂલાત ન થવી)ડ્રોપ કર્યો હતો. તે સાથે વિભાગ/નિગમના પ્રતિનિધિઓની મૌખિક રજૂઆત બાદ સન ૨૦૧૬–૧૭ના ઓડિટ અહેવાલના ઉક્ત ફકરા ક્રમાંક ૩.૬ અન્વયે ટૉરેન્ટ પાવર લિ. અને વિડીયોકોન કંપની પાસેથી બાકી વસૂલાત તેમજ તે સિવાય નામ. સુપ્રિમ કોર્ટમાં  ચાલતા વસૂલાત સંબંધેના અન્ય કેસોમાં અનુક્રમે નામ.હાઈકોર્ટ અને નામ.સુપ્રીમ કોર્ટના ચુકાદાને આધારે વિભાગ / નિગમે કરેલ કાર્યવાહી સમિતિ સમક્ષ રજૂ કરવાની શરતે સમિતિએ ઉક્ત ફકરો ડ્રોપ કર્યો હતો. તદ્અનુસાર નિગમે કરવાની થતી બાકી વસૂલાત સંબંધમાં નામ. કોર્ટોના ચુકાદાઓ અન્વયે કરેલ કાર્યવાહીની  જાણ કરવા  સમિતિ ભલામણ કરે છે.

ઉદ્યોગ અને ખાણ વિભાગ

**ગુજરાત રાજ્ય ઔદ્યોગિક વિકાસ નિગમ**

**ઓડિટ ફકરાનો ક્રમાંક: ૩.૧૦ ગેરવાજબી છૂટછાટ આપવી**

૩૨. સન ૨૦૧૬-૧૭ના વર્ષના સી.એ.જી.ના ઓડિટ અહેવાલના ઉક્ત ફકરામાં જણાવ્યા મુજબ નિગમની વિઠ્ઠલપુર (માંડલ) વસાહતમાં જાપાની એકમો દ્વારા જાપાનીઝ ઔદ્યોગિક ઝોન (JIZ) વિકસાવવા નિગમના નિયામક મંડળે ફાળવણી કિંમત પર વળતર આપવાનો નિર્ણય કર્યો હતો (સપ્ટેમ્બર-૨૦૧૨). આ વળતર પ્રથમ ૧૦ નાના અને મધ્યમ સાહસો (SME) અને પ્રથમ ૧૦ બિન-SM E જાપાની કંપનીઓને આપવાનું હતુ. નિયામક મંડળે ફાળવણીની કિંમત ચો.મી. દીઠ રૂા.૨૦૦૦ નક્કી કરી હતી (ડિસેમ્બર ૨૦૧૩). તે અનુસાર ટેક્નો ટ્રેન્ડ્સ ઓટોપાર્ક લિમિટેડ (TTAPL)નામની એક જાપાનીઝ કંપનીએ જાપાનીઝ ઔદ્યોગિક એકમમાં “ઔદ્યોગિક ઇજનેરી પાર્ક” વિકસાવવા ૧,૯૮,૧૧૫ ચો.મી. જમીનની ફાળવણી માટે અરજી કરી હતી(નવેમ્બર ૨૦૧૪). નિયામક મંડળે ૧૫ ટકાના વળતર સાથે ચો.મી. દીઠ રૂા.૨૦૦૦ના ફાળવણી દરે ઉક્ત કંપનીને જમીનની ફાળવણી મંજૂર કરી હતી (જુલાઇ ૨૦૧૫). ઉપરાંત નિયામક મંડળે ઠરાવ કર્યો હતો (જુલાઇ ૨૦૧૫) કે TTAPL દ્વારા ભવિષ્યમાં માંગણી કરવામાં આવે તો વધારાની જમીન કોઇ પણ જાતના વળતર વિના તે સમયે પ્રવર્તમાન ફાળવણીના દરે ફાળવણી કરવી.

નિગમ પાસે TTAPLએ માંગેલ જાપાનીઝ ઔદ્યોગિક ઝોનના પ્લોટ નં.૨૮ થી ૪૫ના કેટલાક ભાગનો જમીનનો કબજો ન હોવાથી નિગમે તેની પાસે ઉપલબ્ધ જમીનના અન્ય ટુકડાની પસંદગી કરવા TTAPLને વિનંતી કરેલ પરંતુ TTAPLએ ઉક્ત ઓછા વિસ્તાર વાળી જમીનની ફાળવણી માટે વિનંતી કરતા ૧,૯૮,૧૧૫ ચો.મી.ની જમીન સામે ૧,૬૭,૨૯૫ ચો.મી. જમીનની ફાળવણી રૂા.૨૮.૪૪ કરોડની કિંમતે કરવામાં આવી હતી અને આમ, TTAPLએ ફાળવણી કરેલ જમીનનો કબજો લીધો હતો(ઓક્ટોબર ૨૦૧૫). ત્યારબાદ TTAPLએ યોજનના વિસ્તરણ માટે વધારાની આશરે ૮૫,૩૦૦ ચો.મી. જમીન ( જેતે સમયે નિગમે ફાળવણી ન કરી હોવાથી) રૂા.૨૦૦૦ની ફાળવણી કિંમત પર ૧૫%ના વળતર સાથે માંગણી કરેલ(મે ૨૦૧૬).

નિગમે TTAPLની ઉક્ત માંગણી સંદર્ભે જાપાન એક્સટ્રનલ ટ્રેડ ઓર્ગેનાઇઝેશન (JETRO) પાસેથી ભલામણો મંગાવતા JETRO એ TTAPLની વધારાની જમીન માટેની અરજી પોતાના હયાત એકમના વિસ્તરણ માટે હોઇ, તેને એક જ પ્રોજેક્ટ તરીકે વિચારણામાં લેવા તેમજ પ્રોજેક્ટના વિસ્તરણ માટે ૧૫ ટકા વળતર આપવા માટે પણ ભલામણ કરી હતી.

JETROની એ ભલામણને ધ્યાને લઇને નિગમે ડિસેમ્બર ૨૦૧૩ની નિયામક મંડળની નીતિ હેઠળની ફાળવણીનો સાતમો અને આઠમો કિસ્સો ગણીને ફાળવણીની પ્રવર્તમાન કિંમત પર ૧૫ ટકાના વળતરથી વધારાની જમીન TTAPLને ફાળવવાનો નિર્ણય કર્યો હતો અને જાન્યુઆરી-૨૦૧૭માં ચો.મી.દીઠ પ્રવર્તતા રૂ.૨૩૧૦ની ફાળવણીની કિંમત પર ૧૫%ના વળતર દર સાથે ૮૫,૫૮૬.૪૦ ચો.મી. વધારાની જમીન ફાળવી આપેલ. નિગમના ઉક્ત નિર્ણયથી ડિસેમ્બર ૨૦૧૩ની નિયામક મંડળની નીતિનો ભંગ થયો હતો. નિયામક મંડળે જાપાનીઝ ઔદ્યોગિક ઝોનમાં પ્રથમ ૧૦ કંપનીઓને વળતર આપવાનો નિર્ણય કરેલ નહી કે પ્રથમ ૧૦ અરજીઓ અથવા તો ફાળવણીઓ. આમ, નિયામક મંડળની નીતિમાં કરવામાં આવેલી ધારણા મુજબ ફાળવણી કોઇ અલગ કંપનીને કરવામાં આવી ન હતી તેમજ નિયામક મંડળે TTAPLને ભવિષ્યમાં કરવામાં આવનારી કોઇ ફાળવણીમાં વળતર મંજૂર ન કરવાના જુલાઇ ૨૦૧૫માં લેવામાં આવેલ પોતાના નિર્ણયનો ભંગ કર્યો હતો.

૩૩. ઉક્ત પેરા સંબંધમાંતા.૧૬/૦૬/૨૦૨૧ના રોજ વિભાગે મોકલાવેલ લેખિત ખુલાસામાં જણાવ્યા મુજબ રાજ્યમાં ઔદ્યોગિક વિકાસ માટે વિદેશી મૂડી રોકાણ વધે તથા રોજગારી સર્જનના વિશાળ હેતુથી માંડલ ઔદ્યોગિક વસાહત ખાતે જાપાનીઝ ઇન્ડસ્ટ્રીઝ કે જેનો કંપનીમાં હિસ્સો ૫૦ ટકા કે તેથી વધુ હોય તેવા એકમને પ્લોટ ફાળવવા નક્કી કરવામાં આવેલ. જાપાનીઝ કંપની ટેક્નોટ્રેન્ડ લિમિટેડ દ્વારા ૧,૯૮,૧૧૫

ચો.મી. જમીન ફાળવવાની માંગણી કરવામાં આવી હતી તથા તે જમીન તેઓને ૧૫% વળતર સહિત ફાળવવા બોર્ડ દ્વારા મંજૂરી આપવામાં આવેલ પરંતુ TTAPLને ફાળવણીના સમયે નિગમ પાસે ઉપલબ્ધ જમીનની મર્યાદામાં ૧,૬૭,૨૯૫ ચો.મી. જમીન ફાળવી શકાયેલ. આમ, જે તે સમયે TTAPLની મૂળ માંગણી કરતા ૩૦,૮૨૦ ચો.મી. જમીન ઓછી ફાળવવામાં આવેલ. નિગમ દ્વારા જ્યારે જાપાનીઝ કંપનીને ૧૫% વળતરે જમીન ફાળવવા નિર્ણય કરેલ ત્યારે આ વળતરની બાકી રહેતી રકમ ફાળવણીપાત્ર જમીનની રકમમાં ઉમેરી તે સરભર કરવા નિર્ણય કરેલો. જે મુજબ નિગમની પ્રસ્થાપિત નીતિ અનુસાર માંડલ ઔદ્યોગિક વસાહતનો પ્રતિ ચો.મી. ફાળવણી દર રૂ.૧૬૬૪.૯૨/- અને નિગમ દ્વારા નિયત કરેલ ફાળવણી કિંમત રૂ.૧૭૦૦/-પ્રતિ ચો.મી. હતી. જેના ૧૫% એટલે કે રૂ.૨૧૬.૮૮/- પ્રતિ ચો.મી.ની રકમ ઓછી લેવાની થતી હતી. રૂ.૧૭૦૦/-માં તે રકમ ઉમેરતાં રૂ.૧૯૧૬.૮૮/- એટલે એટલે કે તેને નજીકના પૂર્ણાંકમાં ગણતાં રૂ.૧૯૨૦/- પ્રતિ ચો.મી. કિંમત થાય. નિગમના બોર્ડ દ્વારા તે રકમને ધ્યાનમાં લઇ રૂ.૨૦૦૦/-ની અલોટમેન્ટ પ્રાઇઝ પર ૧૫% વળતર સાથે રૂ.૧૭૦૦/- ચો.મી.ના ભાવે ફાળવણી કરવામાં આવેલ. અહીં રૂ.૧૭૦૦/- ચો.મી.ની કિંમતમાં ૧૫% રાહત ગણી રૂ.૧૪૪૫/- ચો.મી.ના ભાવે ફાળવણી કરવામાં આવેલ નથી.

આમ, ઓડિટના વાંધા પ્રમાણે રૂ.૨.૯૭/- કરોડની ગેરવાજબી છૂટછાટ આપવામાં આવેલ નથી કે ઓછી જમીન ફાળવવાના કારણે વૈકલ્પિક જમીનનો સ્વીકાર ન કરવાના કારણે અરજી બંધ પણ કરવામાં આવી ન હતી. ઉપરાંત નિગમના તા.૧૯/૦૫/૨૦૧૦ના પરિપત્રમાં અંદાજિત ક્ષેત્રફળના ફાળવેલ અને આખરી માગણી કરતી વખતે વિસ્તાર ઘટવા અંગેના પ્લોટના કિસ્સાઓ અંગે ખાસ જોગવાઇ કરવામાં આવી છે તદનુસાર સ્ક્રીનિંગ સમિતિએ આ કિસ્સામાં ઘટની જમીનના વળતર પેટે ગુણદોષના આધારે નિર્ણય કરેલ.

૩૪. ઉક્ત પેરા સંબંધમાં સમિતિની કુલ બે બેઠકો દરમ્યાન હાથ ધરવામાં આવેલ તપાસ દરમિયાન નિગમના પ્રતિનિધિના જણાવ્યા અનુસાર નિગમની ૪૬૮મી બોર્ડ મિટીંગમાં જપાનીઝ ઇન્ડસ્ટ્રીયલ ઝોન હેઠળ પ્રથમ ૧૦ કંપનીઓને ૧૫ ટકા લાભ આપવા માટે નિર્ણય લેવામાં આવેલ. આના માટે જમીનનો ભાવ ૧૭૦૦ રુપિયા પ્રતિ ચો.મી. નક્કી કરવામાં આવેલ અને પછીથી તે રિવાઇઝ કરીને ૨૦૦૦ રુપિયાનો નક્કી કરવામાં આવેલ. વધારાની જમીન માટે સમાન કંપની અરજી કરે તો તેને વળતર ન આપવુ જોઇએ એ મુદ્દો હતો પરંતુ નિગમની ૪૯૫મી બોર્ડ મિટીંગમાં આ માટે પોસ્ટફેક્ટો મંજૂરી લેવામાં આવેલ. એટલે TTAPLને જે જમીન પહેલા આપી હતી તે ઓછી ફળવાયેલ હોવાથી બીજીવાર જમીન ફાળવી આપેલ અને બીજીવાર જે વળતર આપેલ તેના માટે બોર્ડમાંથી પોસ્ટફેક્ટો મંજૂરી લીધેલ. ઉપસ્થિત થયેલ મુદ્દા સંબંધમાં સમિતિએ એ.જી.કચેરીના પ્રતિનિધિનો અભિપ્રાય માગતા તેમણે જણાવ્યુ હતુ કે TTAPL એ જેટલી જમીન માટે અરજી કરેલ, તેટલી જમીન, જમીનની ફાળવણી વખતે નિગમ પાસે ઉપલબ્ધ નહી હોવાથી નિગમે TTAPLને અન્ય જમીન આપવા માટેની રજૂઆત સામે TTAPLએ થયેલ ઓછી ફાળવણીથી સંતોષ માની ઓછી જમીન ફાળવી આપવા જણાવેલ. એ સમયે બોર્ડમાં નોંધવામાં આવેલ કે ભવિષ્યમાં TTAPL દ્વારા વધારાની જમીન માગણીના કિસ્સામાં તેઓને વળતર કિંમતે નહીં પરંતુ તે સમયની પ્રવર્તમાન કિંમતે જમીનની ફાળવણી કરવાની રહેશે. એટલે જ્યારે આ કંપનીએ બીજીવાર વધારાની જમીનની માગણી માટે અરજી કરી તો વર્ષ ૨૦૧૫માં બોર્ડે કરેલ નિર્ણય બાદ નિગમે એ જ કંપનીને બીજીવાર શા માટે વળતર કિંમતે જમીન ફાળવી આપી તેવી સમિતિએ પૃચ્છા કરતા ઉપસ્થિત નિગમના પ્રતિનિધિએ જણાવ્યું હતુ કે પ્રથમ ૧૦ કંપનીઓને આ વળતરનો લાભ આપવામાં આવેલ તેમાં આ કંપનીનો સાતમો અને આઠમો નંબર હતો એટલે એ મુજબ એમને વળતર મળવાપાત્ર છે એમ ગણતરી કરીને વળતર આપેલ. કંપનીને રૂ.૨.૯૭ કરોડ જેટલી આપેલ ગેરવ્યાજબી છૂટછાટ

અંગેના સમિતિના સવાલ સંબંધમાં નિગમના પ્રતિનિધિએ જણાવ્યું હતુ કે ૧૦ કંપનીઓને આપેલ વળતર બાદ બાકી રહેતી જમીનની કિંમતમાં તેટલો વધારો કરી જમીન ફાળવેલ છે એટલે નિગમને કોઇ નાણાકીય નુકસાન થયેલ નથી એવી સમિતિ સમક્ષની રજૂઆત બાદ, નિગમની ૪૯૫મી બોર્ડ મિટિંગમાં થયેલ નિર્ણયને સરકારમાં મોકલ્યા અંગેની સમિતિની પૃચ્છા સંબંધમાં નિગમના પ્રતિનિધિ એ ઉક્ત બોર્ડ મિટિંગનો ઠરાવ સરકારમાં મોકલેલ નથી તેમ સ્વીકારેલ. નિગમ દ્વારા બોર્ડે લીધેલાં નિર્ણયોની જાણ સરકારમાં નહીં કરતા હોવાની પ્રક્રિયાને સમિતિએ ગંભીર અને ક્ષતિપૂર્ણ ગણાવી હતી. આ ઉપરાંત સમિતિએ ટકોર કરી હતી કે ઉક્ત પેરાની બાબત ઓડિટ દ્વારા સરકારને જણાવવા છતા ડિસેમ્બર ૨૦૧૭ સુધી સરકાર તરફથી ઓડીટને વળતો કોઇ જવાબ આપવામાં આવ્યો ન હતો. સમિતિએ નિગમની નાણાકીય બાબતો પર ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે આ કિસ્સામાં ઓડિટના ઓબ્ઝર્વેશનમાં નુકસાન થયાનું પ્રતિબિંબિંત થયા બાદ તે બોર્ડના ધ્યાને આવ્યું છે અને એટલે બોર્ડે તેને ફરી મંજૂરી આપી છે. જમીનના આ વધારાના ભાગને કેવી રીતે વિચારણામાં લીધો તે સંબંધમાં સમિતિએ પૃચ્છા કરતા નિગમના પ્રતિનિધિએ એ કબૂલ્યુ હતુ કે કંપની તરફથી જ્યારે વધારાની જમીન માગે ત્યારે વળતર આપવું જોઇએ નહીં એવા બોર્ડના એ ઠરાવને રદ્દ કરીને એટલે કે એ મુદ્દો ધ્યાનમાં આવતા પાછળથી બોર્ડ દ્વારા મંજૂરી આપેલ. ઓડિટે છ માસમાં ઉક્ત ડ્રાફ્ટ પેરાની સરકાર દ્વારા પૂર્તતા મોકલી આપવા અન્યથા ઓડિટ પેરામાં રજૂ થયેલ હકીકતનો નિગમે સ્વીકાર કર્યો છે તેવુ માની લેવા સંબંધમાં આપેલ ટિપ્પણી તેમજ ભવિષ્યમાં આ પ્રકારનું પુનરાવર્તન થતુ અટકાવવા શું આયોજન કરી કરી શકાય એવી પૃચ્છા કરતા વિભાગના પ્રતિનિધિએ સરકાર તરફથી અભ્યાસ કરીને સમયમર્યાદામાં વિભાગ મારફત જવાબ કર્યો હોત તો આ પરિસ્થિતિનું નિર્માણ ટાળી શકાયુ હોત તેમ જણાવ્યુ હતુ.

૩૫. આમ, વિભાગે મોકલાવેલ લેખિત જવાબ તથા વિભાગ/નિગમના પ્રતિનિધિઓની મૌખિક રજૂઆત જોતા સમિતિને સ્પષ્ટ જણાય છે કે બોર્ડે લીધેલાં નિર્ણયોની સરકારમાં જાણ નહીં કરવાની નિગમની પ્રક્રિયા તદ્દન અયોગ્ય છે. ઉપરાંત ઉક્ત પેરામાં ઓડિટે આપેલ અવલોકન વખતે જ જો વિભાગ/સરકારે પ્રોએક્ટીવ રહીને પૂરતો રસ/ સહયોગ/ જવાબદારી દાખવીને ટિપ્પણીની પૂર્તતા કરી હોત તો ઉદભવેલ પરિસ્થિતિનુ તત્સમયે જ નિર્માણ થતુ અટકાવી શકાયુ હોત. આમ જ્યાં આ પ્રકારની નકારાત્મક નાણાકીય અસરો સર્જાતી હોય તેવા કિસ્સાઓમાં નિગમે તે અંગેના નિર્ણયો લેતા પહેલા સરકાર સાથે જરુરી પરામર્શ કર્યા બાદ અથવા તો સરકાર કક્ષાએ આ અંગે જરુરી સંમતિ લઇ / જાણ કરીને નાણાકીય અસરકર્તા નિર્ણયો અમલમાં લાવવા માટે સમિતિ ભલામણ કરે છે.

ગુજરાત જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લિમિટેડ

ફકરા ક્રમાંક ૩.૨.૨ – ઓડીટનો વ્યાપ

ફકરા ક્રમાંક ૩.૨.૩ – નવા પાતાળ કૂવાનું શારકામ અને હયાત કૂવાઓની નિભાવણી અને વ્યવસ્થાપન

ફકરા ક્રમાંક ૩.૨.૫.૧ – બિન કાર્યક્ષમ પાતાળ કૂવાઓ

૩૬. સી.એ.જી.ના સન્ ૨૦૧૬–૧૭ ના વર્ષના જાહેર ક્ષેત્રના ઉપક્રમો અંગેના અહેવાલમાં ઉક્ત નિગમના ઓડિટ માટે વર્ષ ૨૦૧૨–૧૩ થી વર્ષ ૨૦૧૬–૧૭ના પાંચ વર્ષોનો સમયગાળો આવરી લેવામાં આવેલ.ઉક્ત ફકરાઓ પૈકી ફકરા ક્રમાંક ૩.૨.૨ માં ઓડીટે જણાવ્યા મુજબ વર્ષ ૨૦૧૨–૧૩ થી ૨૦૧૬–૧૭ દરમ્યાન સરકારે પાતાળ કૂવાના શારકામ, સુક્ષ્મ સિંચાઈ પદ્ધતિ સાથે દબાણયુક્ત સિંચાઈની માળખાકીય પદ્ધતિ અને ઉદવહન સિંચાઈના અમલમાટે અનુક્રમે રૂપિયા

૨૦.૬૭ કરોડ, રૂ. ૧૦૭.૬૫ કરોડ, રૂ. ૨૭૮.૩૬ કરોડની અનુદાનની કરેલ જોગવાય સામે નિગમે અનુક્રમે રૂ. ૪.૯૫ કરોડ, રૂ. ૫૬.૨૨ કરોડ અને રૂ. ૨૬૮.૪૨ કરોડનો ખર્ચ કર્યો હતો.

ફકરા ક્રમાંક ૩.૨.૩ માં ઓડીટે જણાવ્યા મુજબ નિગમે વર્ષ ૨૦૧૨–૧૩ થી ૨૦૧૬–૧૭ના સમયગાળા દરમિયાન સરકારની આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ ૪૩ આદિજાતિ તાલુકાઓમાં ૨૨૬ પાતાળ કૂવાઓના શારકામની માત્ર એક યોજના હાથ ધરી હતી. જે પૈકી ૧૧૨ પાતાળ કૂવાને સફળ ગણવામાં આવ્યા હતા. ૪૫૦૬ કૂવાઓ કે જે ૩૧ માર્ચ ૨૦૧૨ સુધીમાં બાંધવામાં/હસ્તગત કરવામાં આવેલ તે પૈકી ૪૫૦૪ કૂવાઓ જૂથ/મંડળીઓને વર્ષ ૨૦૧૨ પહેલા તબદીલ કરવામાં આવ્યા હતા. જ્યારે ઓડીટના સમયગાળા દરમિયાન સારકામ કરવામાં આવેલ ૧૧૨ સફળ કૂવાઓ પૈકી ૮૬ કૂવાઓની બાબતમાં મંડળીઓની રચના કરવામાં આવેલ અને તેની તબદીલીની પ્રક્રિયા પ્રગતિમાં હતી.

ફકરા ક્રમાંક ૩.૨.૫.૧ માં ઓડીટે જણાવ્યા મુજબ બિન કાર્યરત ૨૩૭૫ પાતાળ કૂવાના વિશ્લેષણમાં જોવામાં આવ્યું હતું કે, ૯૪૫ પાતાળ કૂવા હાઈડ્રોલોજીકલ નિષ્ફળતાને કારણે એટલે કે, પાણીના પ્રવાહમાં ઘટાડો અથવા પાણીની નબળી ગુણવત્તાને કારણે બિન કાર્યરત થયા હતાં. ૫૮૮ પાતાળ કૂવા પંપની મોટર અથવા પાતાળ કૂવાની કેસીંગ પાઈપોની નિષ્ફળતા જેવાં યાંત્રિક કારણોસર બિન કાર્યરત થયા હતા. જ્યારે ૮૪૨ પાતાળ કૂવા શહેરીકરણ, ઔદ્યોગીકીકરણ, નર્મદા સિંચાઈ વિસ્તારનો વિકાસ જેવાં અન્ય કારણોસર બિન કાર્યરત થયા હતા.

જે યાંત્રિક કારણોસર કૂવાઓ બિન કાર્યરત થયા હતા તેને માટે સુધારણાં થઈ શકે તેમ હોવા છતાં નિગમે આ ખામીઓ સુધારવા માટે કોઈ પગલાં લીધા ન હતાં. ૩૩ બિન કાર્યરત પાતાળ કૂવાની પ્રતિક ચકાસણીના કેસો પૈકી ૧૫ કિસ્સામાં કુલ ૭૬૯ હેક્ટરનો ખેતીલાયક સિંચાઈ વિસ્તાર ગુમાવ્યો હતો જ્યારે ૧૮ કિસ્સામાં ગુમાવેલ ખેતીલાયક સિંચાઈ વિસ્તારની વિગતોની નોંધ કરવામાં આવી ન હતી.

હાઈડ્રોલોજીકલ નિષ્ફળ ગયેલ પાતાળ કૂવાના ફેર શારકામ માટે નિગમે એક નીતિ ઘડવામાં આવેલ (નવેમ્બર ૨૦૦૮). પરંતુ, નીતિની કેટલીક કડક શરતો પૂર્ણ કરવાનું ખેડૂતો પર છોડી દેવામાં આવેલ હોવાથી વર્ષ ૨૦૧૨–૧૭ દરમિયાન ફેર શારકામ માટેની માત્ર ૧૪ અરજીઓ મળી હતી. જે પૈકી ૮ અરજીઓ માર્ચ ૨૦૧૭ની સ્થિતિએ ૨ થી ૨૩ મહિનાના સમયગાળા માટે પડતર હતી. ઓડીટે એ પણ નોંધ્યુ હતું કે, નીતિનો આશય પ્રશંસનીય હતો પરંતુ, કૂવાના ફરીથી વિકાસ

કરવાની જવાબદારી પૂરે પૂરી ખેડૂતો પર નાખી દેવી તે ખેડૂતો માટે ગજા બહારનું હતું. આથી, નિગમે નિયત કરેલ શરતોને તર્કસંગત બનાવવી જોઈએ અને ફેર શારકામ માટે ખેડૂતો સાથે સંકલન સાધવું જોઈએ.

૩૭. વિભાગે તારીખ ૨૬–૦૨–૨૦૨૦ ના રોજ મોકલાવેલ સાહિત્યમાં જણાવ્યા મુજબ આદિજાતિ વિસ્તારના પાતાળ કૂવાના બાંધકામ માટે વર્ષ ૨૦૧૫–૧૬માં રૂ. ૧૦૦૦ લાખની જોગવાઇ સામે થયેલ ઓછા ખર્ચની બાબતમાં સદર કામોની મંજૂરી મળ્યા બાદ પાતાળ કૂવાની કામગીરી દરમિયાન કરવાના થતાં વિવિધ તબક્કાઓ જેવા કે, સ્થળની પસંદગી, પાણીની ઉપલબ્ધતા, જમીન માટે સંમત્તિ, શારકામની કામગીરીનો સમાવેશ થાય છે. આ કામગીરી રાજ્યના એક થી વધુ જિલ્લાઓમાં વ્યાપ ધરાવતી હોઈ, સમય વધુ વ્યતિત થાય છે. ઉપરાંત, નિગમના સ્ટાફની ઘટ સામે નિયમિત મહેકમની ભરતીની મંજૂરી સરકાર કક્ષાએ પડતર હોઈ, રૂ. ૨૦.૬૭ કરોડની સામે રૂ. ૪.૯૫ કરોડનો ખર્ચ થવા પામેલ. MIS (Micro Irrigation System) અને PINS (Pressurized Irrigation Network System) માટે વર્ષ ૨૦૧૨–૧૩ થી વર્ષ ૨૦૧૬–૧૭ દરમિયાન રૂ. ૧૦૭.૬૫ કરોડ અનુદાનની જોગવાઇ થયેલ. જેના સંબંધમાં અંદાજપત્ર તૈયાર કરતા સમયે પ્રતિ હેક્ટર રૂ. ૧.૫૦ લાખનો ખર્ચ અંદાજવામાં આવેલ. જેની સામે પ્રતિ હેક્ટર ૨૦ ટકા જેટલો ઓછો ખર્ચ થવા પામેલ. વધુમાં, યોજનાના આયોજન સામે યોજનાના અમલ વખતે ખેડૂતોની અસંમતિને કારણે લાભાન્વિત ખેડૂતોની સંખ્યા અને હેક્ટર વિસ્તારમાં ઘટાડો જોવા મળે છે.

૩૮. ફકરા ક્રમાંક ૩.૨.૩ ના સંદર્ભમાં સાહિત્યમાં જણાવ્યા મુજબ આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ સફળ પાતાળ કૂવા મંડળીઓને/જૂથોને સોંપી દેવામાં આવેલ છે.

૩૯. જ્યારે ફકરા ક્રમાંક ૩.૨.૫.૧ ના સંદર્ભમાં સાહિત્યમાં જણાવ્યા મુજબ સરકારશ્રીની નીતિ મુજબ પાતાળ કૂવાઓના પુનઃ શારકામ માટે ૮૦:૨૦ ની યોજના હેઠળ કામગીરી કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૭–૧૮ અને ૨૦૧૮–૧૯ દરમિયાન મળેલ કુલ ૧૫ અરજીઓ પૈકી ૬ પાતાળ કૂવાના પુનઃ શારકામની કામગીરી કરવામાં આવેલ છે. યોજનાની જાણકારીનો જેમ વ્યાપ વધે તેમ ખેડૂતોની વધુ અરજીઓ મળે છે. સાહિત્યમાં જણાવ્યા મુજબ પાતાળ કૂવાની યાંત્રિક નિષ્ફળતા સુધારવા સંભવિત પ્રયત્નો ખાતાકીય તેમજ ખાનગી એજન્સીઓ દ્વારા કરવામાં આવે છે.

૪૦. ઉક્ત ઓડીટ અહેવાલમાં સમાવિષ્ટ ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લિમિટેડના ફકરાઓની તપાસ કુલ ૬ બેઠકો દરમિયાન હાથ ધરવામાં આવેલ. જે પૈકી સમિતિની બીજી અને ત્રીજી બેઠકોમાં ઉક્ત ત્રણ ફકરા સંબંધેની તપાસ દરમિયાન સમિતિ સમક્ષ વિભાગ/નિગમના ઉપસ્થિત પ્રતિનિધિઓએ જણાવ્યા મુજબ પાતાળ કૂવાઓની કામગીરી માટે ઓછો ખર્ચ થવાના કારણોમાં – જુદાં જુદાં સ્થળોની પસંદગી, પાણીની ઉપલબ્ધિ, જમીન– ખેડૂતોની સંમતિ, શારકામ ઉપરાંત પાતાળ કૂવાનો વ્યાપ ખૂબ મોટો છે પણ, સ્ટાફ મર્યાદિત હોઈ, કામગીરી ઓછી થયેલ હતી. સમિતિના માનનીય પ્રમુખશ્રીએ પાતાળ કૂવાની યોજના પેટે ફાળવેલ રકમમાંથી ખર્ચેલ રૂ. ૪.૯૫ કરોડ માંથી આદિજાતિ વિસ્તાર માટેના થયેલ ખર્ચ સંબંધમાં પૃચ્છા કરતાં નિગમના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, તેના માટે રૂ. ૨.૮૦ કરોડની વહીવટી મંજૂરી મળી હતી. સમિતિએ પાતાળ કૂવાઓ બંધ થવાના કારણો અને તે સંબંધમાં તેનો ઉકેલ લાવવા માટે પૃચ્છા કરતાં નિગમના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, યાંત્રિક નિષ્ફળતા દૂર કરવા માટે પ્રયત્નો કરીએ છીએ. એટલે કે, મોટર ફસાય હોય તો રિફિટ કરી આપીએ, પાઈપ ખવાય ગયો હોય તો રિપ્લેસ કરી આપીએ, પણ જો, હાઈડ્રોલિક નિષ્ફળતાના કારણે પાતાળ કૂવા બંધ થયા હોય તો ભૂગર્ભ જળનું લેવલ આવે ત્યાં સુધી રાહ જોવી પડે છે. ઉપરાંત, આ માટેની ઘટતી માંગને કારણે પણ પાતાળ કૂવા બંધ કરવામાં આવે છે. લોકોને સિંચાઈ માટે બીજો સોર્સ મળે તો પણ માંગણી ઘટે છે. માંગણી ઘટવા સંબંધે સમિતિએ અસહમતિ દર્શાવતાં જણાવ્યુ હતુ કે જો પ્રાપ્તિ સ્થળ મળતા હોય તો પાતાળ કૂવા યોજના ચાલુ રાખવા ખાસ પ્રયત્નો કરવા જોઇએ કારણ કે આદિજાતિ વિસ્તારના ઘણાં ગામોમાં આ યોજના વિશે જાણકારી પણ નથી. સમિતિએ નિગમની પાતાળ કૂવાની કામગીરી સંબંધમાં ટકોર કરતા જણાવ્યુ હતુ કે આદિજાતિ વિસ્તારમાં પાંચ વર્ષમાં માત્ર ૨૨૬ પાતાળ કૂવાની કામગીરી ખૂબ જ ઓછી કહેવાય. એટલે આ યોજનાને સફળ બનાવવા તેનો વ્યાપ વધારવાની જરૂર છે. તે સંબંધમાં નિગમના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, પાતાળ કૂવા બનાવવા માટેની હાલ બે યોજનાઓ ચાલુ છે. એક – ૨૫૦ ની વસ્તી વાળી એસ.સી.એસ.પી. યોજના અને બીજી જૂના પાતાળ કૂવાને ચાલુ કરવા ૮૦:૨૦ ની યોજના જેમાં ૮૦ ટકા ખર્ચ સરકાર કરે/આપે છે. આ સંબંધમાં માનનીય પ્રમુખશ્રીએ આદિજાતિ વિસ્તારમાં પાતાળ કૂવાની યોજનાને ૧૦૦ ટકા સફળ બનાવવા માટે ભારપૂર્વક સૂચન કર્યુ હતું. ઉપરાંત, પાતાળ કૂવા યોજના માંગ આધારિત હોવા છતાં, બજેટ હોય તો જ માંગ આવે તે હકીકત સ્વીકારીને આ લોકોપયોગી યોજનાને પૂરતુ બજેટ ફાળવી તેનો વ્યાપ વધારવા અદ્યતન પોલીસી તૈયાર કરવા માટે સમિતિએ નિર્દેશ કર્યો હતો. ૨૫૭૯ જેટલી મોટી સંખ્યામાં બિન કાર્યરત

થયેલ પાતાળ કૂવા સંબંધમાં સમિતિએ ચિંતા વ્યક્ત કરતાં ઉક્ત કૂવાઓ પૈકી યાંત્રિક કારણોસર બિન કાર્યરત થયેલ  પાતાળકૂવા સંબંધમાં પૃચ્છા કરતાં, નિગમના પ્રતિનિધિએ  એપ્રિલ ૨૦૨૫ ની સ્થિતિએ ૫૯૩ કૂવા વિવિધ યંત્રિક કારણોસર બંધ હોવાનું જણાવ્યું હતું. આ સંબંધમાં સમિતિએ એક વર્ષમાં યાંત્રિક કારણોસર બંધ પડેલા પાતાળકૂવાઓને પુન:કાર્યરત કરવાની શરતે પેરા ડ્રોપ કર્યો હતો.

૪૧.  સમિતિએ તેની તા. ૧/૭/૨૦૨૫ની બેઠકમાં ફકરા ક્રમાંક ૩.૨.૫.૨ પાતાળકૂવાઓની જમીનના માલીકી-હક ખતો(title deeds)સંબંધમાં એવા કિસ્સા કે જેમાં નિગમે જમીન સંપાદિત કરેલ હોય પરંતુ જેની ચોપડે એન્ટ્રી લેવાની બાકી હોય તે અંગેની માહિતી માગી, ઉક્ત ફકરાની તપાસ બાકી રાખી હતી ત્યારબાદ સમિતિની તા.૧૫/૦૭/૨૦૨૫ની બેઠકમાં નિગમના પ્રતિનિધિએ ઉક્ત બાબતમાં લાંબી પ્રક્રિયા કરવાની થતી હોઇ, માહિતી તૈયાર કરવા સમિતિ પાસે સમય માગેલ. આથી સમિતિએ છ માસમાં વિગતો સમિતિને પહોંચાડવાની શરતે પેરા ડ્રોપ કર્યો હતો પરંતુ ઉકત છ માસ વીતવા છતા વિભાગ તરફથી સમિતિને આ અંગે  કોઇ માહિતી આપવામાં આવેલ નથી જેની સમિતિ ગંભીર નોંધ લે છે અને આ વિલંબ માટે જવાબદારી નક્કી કરી સખ્ત પગલાં લેવા જણાવે છે તથા એક માસમાં માહિતી મોકલી આપવા જણાવે  છે.

૪૨.  આમ, વિભાગે આપેલ લેખિત જવાબ તથા ઉક્ત બે બેઠકો દરમ્યાનની ચર્ચાને અંતે સમિતિને એ સ્પષ્ટ લાગ્યુ હતુ કે પાતાળકૂવા યોજના માટે ફાળવેલ ગ્રાન્ટની સામે રાજ્યના આદિજાતિ વિસ્તાર સહિતના અન્ય વિસ્તારોમાં પાતાળકૂવાની ખૂબ મર્યાદિત કામગીરી થઇ છે બીજું હાઇડ્રોલોજિકલ નિષ્ફળતા, નર્મદા સિંચાઇ વિસ્તારનો વિકાસ, શહેરીકરણ-ઔદ્યોગિકરણ કારણોસર સિવાય યાંત્રિક કારણોસર બિન કાર્યરત થયેલ પાતાળકૂવાઓને પુન:કાર્યરત કરવામાં નિગમના અપૂરતા પ્રયત્નો/લાપરવાહીને કારણે ખેતી લાયક સિંચાઇનો મોટો વિસ્તાર ખેડૂતોએ ગુમાવવો પડ્યો છે. ઉપરાંત હાઇડ્રોલોજિકલ નિષ્ફળ ગયેલ પાતાળકૂવાઓના પુન:શારકામ માટેની નીતિની કેટલીક વધુ કડક જોગવાઇને કારણે પાતાળકૂવાઓના ફેરશારકામ/પુન:વિકાસ માટે ખેડૂતો સાથે સંકલન/સહમતિ સાધી શકાઇ નથી.જેથી ઉક્ત કારણોસર નિષ્ફળ/બિન કાર્યરત પાતાળકૂવાઓ પર નહિવત કામગીરી થવા પામી હતી.

૪૩.  આમ, પાતાળકૂવા યોજનાની ગ્રાન્ટનો પૂરેપૂરો ઉપયોગ થાય તે માટે આદિજાતિ વિસ્તારથી લઇને રાજ્યના અન્ય અંતરિયાળ વિસ્તાર કે જ્યાં આવી જનહિતાર્થેની યોજનાથી આમજનતા

અજાણ છે તેવા વિસ્તારોમાં પાતાળકૂવા યોજના વિષે સંપૂર્ણ જાણકારી પૂરી પાડી આ સાથે યોજનાનો વ્યાપ વધારવા હાલની પોલીસીમાં અનુકૂળ ફેરફાર કરી નવી લોકભોગ્ય પોલીસી તૈયાર કરી અસરકારક અમલ  કરવા સમિતિ ભલામણ કરે છે. ઉપરાંત  યાંત્રિક કારણોસર મોટી સંખ્યામાં બિન કાર્યરત થયેલ પાતાળકૂવાઓ પર જરુરી સમારકામની કામગીરી એક વર્ષમાં પૂર્ણ કરી આવા બિન કાર્યરત પાતાળકૂવાઓને પુન:કાર્યરત કરવા માટે પણ સમિતિ ભલામણ કરે છે.

૭૪. સમિતિની તપાસ દરમિયાન એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ તથા સંલગ્ન વિભાગોના નાણા સલાહકારશ્રીઓએ સમિતિની બેઠકમાં હાજર રહીને સમિતિને પૂરા પાડેલ માર્ગદર્શન બદલ સમિતિ તેમનો આભાર માને છે.

૭૫ અહેવાલમાં દર્શાવેલ સરકારના વિભાગોના સચિવશ્રીઓ તથા જાહેર સાહસોના મેનેજિંગ ડિરેક્ટરશ્રીઓ અને અન્ય અધિકારીશ્રીઓ સમિતિની બેઠકમાં હાજર રહ્યા હતા અને સમિતિને તેના કામકાજમાં આપેલ સહકાર/માર્ગદર્શન બદલ સમિતિ તેમનો આભાર માને છે.

૭૬. ગુજરાત વિધાનસભા સચિવાલયના અધિકારીઓ/કર્મચારીઓએ સમિતિના કામકાજમાં કરેલ સહાયની સમિતિ કદર કરે છે.

ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
તા.૧૮/03/૨૦૨૬

ગણપતસિંહ વસાવા
પ્રમુખશ્રી
જાહેર સાહસો માટેની સમિતિ

**પંદરમી ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિના સાતમા અહેવાલમાં કરવામાં આવેલી ભલામણ/અવલોકનનો સારાંશ**

| અ.નં. | ફકરા ક્રમાંક | ભલામણ/અવલોકનનો સારાંશ |
|---|---|---|
| ૧ | ૧૧ | **આમ, વિભાગ/નિગમે સમિતિને મોકલાવેલ લેખિત ખુલાસા, બેઠક દરમિયાન વિભાગ/નિગમના પ્રતિનિધિઓની મૌખિક રજૂઆત જોતા સમિતિને સ્પષ્ટ લાગે છે કે, નિગમનો મુખ્ય હેતુ ખેડૂતોને ઉપયોગી એવી એગ્રીકલ્ચર પ્રોડક્ટના ઉત્પાદનો દ્વારા ખેડૂતોને મદદ કરવાનો છે પરંતુ નિગમનું ગોંડલ ખાતેનુ પ્રોડક્શન યુનિટ જે છેલ્લા લાંબા સમયથી/ઘણા વર્ષોથી બંધ હાલતમાં છે કે જ્યાંથી ઉત્પાદન લેવુ શક્ય નથી તેનો સત્વરે નિયમાનુસાર નિકાલ કરી સમિતિને તેની જાણ કરવા સમિતિ ભલામણ કરે છે. બીજું બજારમાં જ્યારે નિગમના ઉત્પાદનો સાથે હરીફાઇ કરનાર એક થી વધુ ખાનગી એકમો ઉપલબ્ધ હોઇ પોતાની વસ્તુઓના વેચાણ- વિસ્તાર માટે સરકારના ચોક્કસ માર્ગદર્શન હેઠળ નિગમ દ્વારા અલગ અને ખાસ માર્કેટીંગ પોલીસી ઘડવા સમિતિ ભલામણ કરે છે.** |
| ૨ | ૧૭ | આમ, વિભાગે મોકલાવેલ લેખિત ખુલાસા તથા ઉક્ત ત્રણ બેઠકોમાં થયેલ સઘન ચર્ચાને અંતે સમિતિને નિગમની વીજ માંગમાં આવતી વધઘટ( ફ્લક્ચ્યુએશન)ને કારણે નિગમ પર પડતા આર્થિક ભારણને દૂર કરવા તેમજ ભવિષ્યમાં આ પ્રકારના ઓડીટ પારા ઉપસ્થિત થતાં અટકાવવા માટે જર્ક(GERC) તરફથી માર્ગદર્શન મેળવવુ વધુ યોગ્ય લાગ્યું છે. આથી ભવિષ્યમાં આ પ્રકારના વીજ માંગ કરાર સંબંધિત મુદ્દા/પ્રશ્નોને સંલગ્ન જે તે વિભાગ / નિગમના ઉચ્ચ અધિકારીઓની બનેલી હાઈ લેવલ કમિટીમાં નિર્ણય અર્થે રજૂ કર્યા બાદ તે અંગેનો આખરી નિર્ણય લેતા પહેલા વધુ સ્પષ્ટતા / ચોક્કસતા/ચકાસણી અર્થે “જર્ક(GERC)”માં જઈને |

| | | |
|---|---|---|
| | | માર્ગદર્શન મેળવ્યા બાદ જ કામગીરીનું અમલીકરણ કરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૩ | ૨૧ | **ઓડિટે અવલોકન તથા વિભાગ/ નિગમની લેખિત અને મૌખિક સ્પષ્ટતા જોતા સમિતિને લાગે છે કે એસ.ટીનો મહત્તમ ઉપયોગ ગરીબ, સામાન્ય અને મધ્યમ વર્ગના લોકો કરી શકે તે માટે નિગમની ભારકારકતા વધારવા અને તેની સામે ખાધ નિવારવા હાલની પરંપરાગતની પરિસ્થિતિમાં સુધારો કરી અસરકારક આયોજન કરવા ઉપરાંત એસ.ટી. બસસ્ટેન્ડની આસપાસ કે અન્યરીતે પણ એસ.ટીના ટ્રાફિક્ને નુકસાનકર્તા પરિબળોને દૂર કરવા સરકાર/ વિભાગ/ઉચ્ચકક્ષાએથી “નો પાર્કીંગ ઝોન” ના નિયમોનો કડકાઇથી અમલ કરાવવા અને સમયાંતરે આ માટે ઝુંબેશ કરવા સમિતિ ભલામણ કરે છે.** |
| ૪ | ૨૬ | પરંતુ પેરા સંદર્ભમાં વિભાગે સમિતિને આપેલ લેખિત જવાબ અને બેઠકમાં વિભાગ/નિગમના પ્રતિનિધિઓની મૌખિક રજૂઆત જોતાં સમિતિને એ તો સ્પષ્ટ લાગે છે કે ઉક્ત પેરા સંબંધમાં વિભાગ/સરકાર તરફથી સમયસર પૂર્તતા કરવામાં આવી હોત તો પેરા ઉદભવતો અટકાવી શકાયો હોત. વધુમાં આ કિસ્સામાં વિસામો પરિયોજના સરકાર દ્વારા મંજૂર થયા બાદ પાછળથી બોર્ડ દ્વારા મંજૂર રાખેલ સૂચિત ફેરફારોની બાબત સરકારની મંજૂરી અર્થે નહીં મોકલતા વિવાદ છેક સુપ્રિમકોર્ટ સુધી પહોંચ્યો હતો.આથી ભવિષ્યમાં આ પ્રકારની વિસંગતતાઓ અટકાવવા લોકહિતાર્થે પરિયોજના સરકાર દ્વારા મંજૂર થયા બાદ પાછળથી તેમાં બોર્ડ દ્વારા માન્ય રાખેલ ફેરફારો અંગેના નિર્ણયનો અમલ કરતા પહેલા |

| | | |
|---|---|---|
| | | તેને સરકારની મંજૂરી અર્થે અવશ્ય મોકલી આપવા માટે સમિતિ ભલામણ કરે છે. બીજું વિસામાને ચલાવવા માટે ટેન્ડરની પ્રક્રિયા ઘણા લાંબા સમયથી વિલંબીત હોઇ પ્રક્રિયા સત્વરે પૂર્ણ કરવા પણ સમિતિ ભલામણ કરે છે. |

| | | |
|---|---|---|
| ૫ | ૩૧ | આમ, સમિતીએ કરેલ ભલામણ(૧૪મી ગુજરાત વિધાનસભાની સમિતિનો ત્રીજો અહેવાલ) /પુનઃભલામણ(૧૪મી ગુજરાત વિધાનસભાની સમિતિનો પંદરમો અહેવાલ)બાદ સરકાર દ્વારા પોલીસી તૈયાર કરી દેવામાં આવેલ હોઈ સમિતિએ ૧૫મી ગુજરાત વિધાનસભાની સમિતિના ચોથા અહેવાલમાં તે ભલામણ સંબંધમાં સંતોષ વ્યક્ત કરી સન ૨૦૧૩-૧૪ના ઓડિટ અહેવાલમાં સમાવિષ્ટ ફકરા ક્રમાંક ૩.૭(વ્યાજની વસૂલાત ન થવી)ડ્રોપ કર્યો હતો. તે સાથે વિભાગ/નિગમના પ્રતિનિધિઓની મૌખિક રજૂઆત બાદ સન ૨૦૧૬-૧૭ના ઓડિટ અહેવાલના ઉક્ત ફકરા ક્રમાંક ૩.૬ અન્વયે ટૉરેન્ટ પાવર લિ. અને વિડીયોકોન કંપની પાસેથી બાકી વસૂલાત તેમજ તે સિવાય નામ. સુપ્રિમ કોર્ટમાં ચાલતા વસૂલાત સંબંધેના અન્ય કેસોમાં અનુક્રમે નામ.હાઈકોર્ટ અને નામ.સુપ્રીમ કોર્ટના ચુકાદાને આધારે વિભાગ / નિગમે કરેલ કાર્યવાહી સમિતિ સમક્ષ રજૂ કરવાની શરતે સમિતિએ ઉક્ત ફકરો ડ્રોપ કર્યો હતો. તદ્અનુસાર નિગમે કરવાની થતી બાકી વસૂલાત સંબંધમાં નામ. કોર્ટોના ચુકાદાઓ અન્વયે કરેલ કાર્યવાહીની જાણ કરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૬ | ૩૫ | આમ, વિભાગે મોકલાવેલ લેખિત જવાબ તથા વિભાગ/નિગમના પ્રતિનિધિઓની મૌખિક રજૂઆત જોતા સમિતિને સ્પષ્ટ જણાય છે કે બોર્ડે લીધેલાં નિર્ણયો સરકારમાં |

| | | |
|---|---|---|
| | | જાણ નહીં કરવાની નિગમની પ્રક્રિયા તદ્દન અયોગ્ય છે. ઉપરાંત ઉક્ત પેરામાં ઓડિટે આપેલ અવલોકન વખતે જ જો વિભાગ/સરકારે પ્રોએક્ટીવ રહીને પૂરતો રસ/ સહયોગ/ જવાબદારી દાખવીને ટિપ્પણીની પૂર્તતા કરી હોત તો ઉદભવેલ પરિસ્થિતિનુ તત્સમયે જ નિર્માણ થતુ અટકાવી શકાયુ હોત. આમ જ્યાં આ પ્રકારની નકારાત્મક નાણાકીય અસરો સર્જાતી હોય તેવા કિસ્સાઓમાં નિગમે તે અંગેના નિર્ણયો લેતા પહેલા સરકાર સાથે જરુરી પરામર્શ કર્યા બાદ અથવા તો સરકાર કક્ષાએ આ અંગે જરુરી સંમતિ લઇ / જાણ કરીને નાણાકીય અસરકર્તા નિર્ણયો અમલમાં લાવવા માટે સમિતિ ભલામણ કરે છે. |
| ૭ | ૪૧ | સમિતિએ તેની તા.૧/૭/૨૦૨૫ની બેઠકમાં ફકરા ક્રમાંક ૩.૨.૫.૨ પાતાળકૂવાઓની જમીનના માલીકી–હક ખતો(title deeds)સંબંધમાં એવા કિસ્સા કે જેમાં નિગમે જમીન સંપાદિત કરેલ હોય પરંતુ જેની ચોપડે એન્ટ્રી લેવાની બાકી હોય તે અંગેની માહિતી માગી, ઉક્ત ફકરાની તપાસ બાકી રાખી હતી ત્યારબાદ સમિતિની તા.૧૫/૦૭/૨૦૨૫ની બેઠકમાં નિગમના પ્રતિનિધિએ ઉક્ત બાબતમાં લાંબી પ્રક્રિયા કરવાની થતી હોઇ, માહિતી તૈયાર કરવા સમિતિ પાસે સમય માગેલ. આથી સમિતિએ છ માસમાં વિગતો સમિતિને પહોંચાડવાની શરતે પેરા ડ્રોપ કર્યો હતો પરંતુ ઉકત છ માસ વીતવા છતા વિભાગ તરફથી સમિતિને આ અંગે કોઇ માહિતી આપવામાં આવેલ નથી જેની સમિતિ ગંભીર નોંધ લે છે અને આ વિલંબ માટે જવાબદારી નક્કી કરી સખ્ત પગલાં લેવા જણાવે છે તથા એક માસમાં માહિતી મોકલી આપવા જણાવે છે. |
| ૮ | ૪૨ | આમ, વિભાગે આપેલ લેખિત જવાબ તથા ઉક્ત બે બેઠકો દરમ્યાનની ચર્ચાને અંતે સમિતિને એ સ્પષ્ટ લાગ્યુ હતુ કે પાતાળકૂવા યોજના માટે ફાળવેલ ગ્રાન્ટની સામે રાજ્યના આદિજાતિ વિસ્તાર સહિતના અન્ય વિસ્તારોમાં પાતાળકૂવાની ખૂબ મર્યાદિત કામગીરી થઇ છે બીજું |

| | | |
|---|---|---|
| | | હાઇડ્રોલોજિકલ નિષ્ફળતા, નર્મદા સિંચાઇ વિસ્તારનો વિકાસ, શહેરીકરણ–ઔદ્યોગિકરણ  કારણોસર સિવાય યાંત્રિક કારણોસર બિન કાર્યરત થયેલ પાતાળકૂવાઓને પુન:કાર્યરત કરવામાં નિગમના અપૂરતા પ્રયત્નો/લાપરવાહીને કારણે ખેતી લાયક સિંચાઇનો મોટો વિસ્તાર ખેડૂતોએ ગુમાવવો પડ્યો છે. ઉપરાંત હાઇડ્રોલોજિકલ નિષ્ફળ ગયેલ પાતાળકૂવાઓના પુન:શારકામ માટેની નીતિની કેટલીક વધુ કડક જોગવાઇને કારણે પાતાળકૂવાઓના ફેરશારકામ/પુન:વિકાસ માટે ખેડૂતો સાથે સંકલન/સહમતિ સાધી શકાઇ નથી.જેથી ઉક્ત કારમણોસર નિષ્ફળ/બિન કાર્યરત પાતાળકૂવાઓ પર નહિવત કામગીરી થવા પામી હતી. |

| | | |
|---|---|---|
| ૯ | ૪૩ | આમ, પાતાળકૂવા યોજનાની ગ્રાન્ટનો પૂરેપૂરો ઉપયોગ થાય તે માટે આદિજાતિ વિસ્તારથી લઇને રાજ્યના અન્ય અંતરિયાળ વિસ્તાર કે જ્યાં આવી જનહિતાર્થેની યોજનાથી આમજનતા અજાણ છે તેવા વિસ્તારોમાં પાતાળકૂવા યોજના વિષે સંપૂર્ણ જાણકારી પૂરી પાડી આ સાથે યોજનાનો વ્યાપ વધારવા હાલની પોલીસીમાં અનુકૂળ ફેરફાર કરી નવી લોકભોગ્ય પોલીસી તૈયાર કરી અસરકારક અમલ કરવા સમિતિ ભલામણ કરે છે. ઉપરાંત  યાંત્રિક કારણોસર મોટી સંખ્યામાં બિન કાર્યરત થયેલ પાતાળકૂવાઓ પર જરુરી સમારકામની કામગીરી એક વર્ષમાં પૂર્ણ કરી આવા બિન કાર્યરત પાતાળકૂવાઓને પુન:કાર્યરત કરવા માટે પણ સમિતિ ભલામણ કરે છે. |